



રૂશિયા અને ટરકી

વચ્ચેની

લડાઈની તવારીખ

ચિત્રો સાથે.

પ્રકરણ ૧ લું.

હરઝીગોવીનિયા પ્રાંત અને તેને લગતી કેટલીક
વિગત-હરઝીગોવીનિયામાં જાગેલો બળવો-
હરઝીગોવીનિયાના સંબંધમાં ટરકીના સુલ
નનાં હુકમનામાં-ટરકીને માટે યો
ખાતાં આફતનાં ચિ
આનદાસી અને ટર
નિયાના બળવાખો
સાલોનિકામાં થય
નાં ખુન-બર્લિન
વતા શેહનશાહે

બળવંત રૂશિયા પોતાની રાક્ષસી ફોજ સાથે ટરકીની સામે લડાઇના મેદાનમાં ઉતરયું તેને આજ આઠ મહિના થઈ ગયાછે, અને એ આઠ માસમાં એ મેદાન મધે ઘણીક તાજુબી ઉપજાવનાર ઉથલપાથલ થઈ ચુકીછે. સફાઈ ભરેલા હાથે જે અતિઘણો ગુચવાડા ભરેલો ગાંઠ છોડવા યુરોપના ઘણાક બાહોશ રાજદરબારીઓ ન ફાવ્યા તે ગાંઠ રૂશિયાએ પોતાની તેજ તલવારના એક ઝટકે એક દહાડામાં કાપી નાખ્યોછે. લડાઇની શરૂઆત રૂશિયાએ શી રીતે કીધી તે સર્વેએ જોઈ લીધીછે; હવે એ લડાઇનો અંત તે શી રીતે લાવેછે તે જોવા સઘળાં લોક ઇનતેજાર ઉભાંછે. જે હેતુથી આ ખુનખાર લડાઈ શરૂ કરવામાં આવી તે હેતુ પાર પાડવાની નેમ હાંસલ થતાંજ આ લડાઈ બંધ પાડવા રૂશિયા તૈયાર થશે એવું માનવાને યુરોપની પ્રજાઓ હવે આચકી ખાયછે. લડાઇનું મંડાણ થતાં રૂશિયા જે વિચારો ધરાવતું હતું તે વિચારો લડાઇની અધવચમાં તેના ન હતા, અને લડાઇની અધવચમાં તેના જે વિચારો હતા તે લડાઇનો અંત લાવતી વખતે નથી રહેવાના. કયા કયા બનાવો બની ગયા, કે જેથી રૂશિયાના વિચારોએ જુદાં જુદાં રૂપ પકડયાં, એ તપાસવાની હાલ જરૂર છે.

ટરકીના રાજ્યમાં વસતા સ્લાવ ટોળાનાં લોકો ઉપર ઘણાં દુઃખો પડેછે માટે રૂશિયા, કે જે સ્લાવ ટોળાનું મુખ્ય મથક છે તેણે પોતાના ભાઇઓનાં દુઃખનું નિવારણ કરવું જોઇયે એવા લોકોના વિચારોને મુસતકીમ કરનારા બનાવો શું હતા તે આપણે આ ઠેકાણે તપાસવા જોઇયેછે. ઈ૦ સ૦ ૧૮૭૫ ના સાલમાં હરઝીગોવીનિયામાં બળવો સળગ્યો. એ વરસનો આખો શિયાળો એ બળવા બાબે જુદા જુદા રાજદરબારીઓની ખટપટમાં પસાર થઈ ગયો. એજ વરસના સપ્ટેંબર મહિનામાં સરવિયાના લોકોએ સ્લાવ લોકો ઉપર પડતા જુલમની મજબુત ફરીઆદ પોતાના રાજા આગળ ઊઠાવી. ઈ૦ સ૦ ૧૮૭૬ ના ફેબ્રુઆરી માસમાં બળવાખોરોએ જાહેરનામું કહાડી પોતાનું તદન સ્વતંત્રપણું ચાહયું, અને પોતાના છુટાપણાનો બચાવ રૂશિયા કરશે એવી આશા જાહેર કીધી. એજ વરસના મે મહિનામાં સાલોનિકા મધે મુસલમાનોને હાથે એક ફ્રેન્ચ અને જર્મન કાનસલનાં ખુન થયાં, અને એજ મહિના-
ખરીએ ટરકીના તખ્ત ઉપરથી સુલતાન અબ-
ાં આવ્યો. એટલા વખત-
શ ખાતાના પરધાન લાર્ડ
તરફ કરયું, અને ઈંગ્લાં-
ના અખાતમાં મોકલી
યા અને મોનટીનિગ્રો

એ ટરકી
ત ન
આ... ા
એવું પોકારવા લાગ..
કારો કરનાર રૂશિયા વિ
ના દુઃખી ભાઇઓ તરફ
પોતાના ઘણાક વાલનટીઅર
દદે મોકલી આપ્યા; પણ સ્લ..
જતાં રૂશિયા પૂર્વ તરફનો સવાલ
છેડો બેસશે એવી થોડાંજ લોકો
અને વળી તે એ બાહાને લડાઇ પોક..
લાવી દેશે એવી વકી તો ઘણાંજ થોડાં
હશે. રૂશિયાના પાયતખ્ત શેહેર સેંટ પિટર્સબર્ગ..
તો એવા વિચાર હતા કે, ટરકીના જુલમગાર અને અંધેકારોબારને રૂશિયા ધિક્કારેછે ખરૂં, પણ તે ઉપરથી ટરકીની સામે એક મહાભારત પગલું ભરવાની રૂશિયા હિમ્મત ભીડે તો તે માટે રૂશિયા પાસ પુરતી જોગવાઇ કયાં છે? રૂશિયા સ્લાવ લોકોને પોતાના ભાઇબંધો ગણી મદદ તો કરેછે, પણ એ ભાઇઓ કેવા છે તેની તો રૂશિયા ઘણીજ થોડી ખબર રાખેછે. રૂશિયાના ખેડુતોને છુટાપણું બખશવાને બદલે રૂશિયાના લોક હરઝીગોવીનિયાના ખેડુતોને છુટાપણું બખશવા કયાં જાયછે? પોતાની હાલત સુધારવાને બદલે બીજાની હાલત સુધારવા જવું એ કેવું હસી કહાડવા જેવુંછે! લડાઇમાં ઉતરવાની વિરૂધના આ વિચારોને પણ ફેરવવાનું સેંટ પિટર્સબર્ગના લોકો કે જેઓના મત ઉપર આખા રૂશિયાના મતનો આધાર રહેછે તેઓને થોડા વખતમાં કારણ મળ્યું.

સરવિયા ટરકી સામે લડાઇમાં ઊતરયું તો ખરૂં પણ તેને રૂશિયન વાલનટીઅરોની મદદ મળવા છતાં, ત જયારે ટરકીને હાથ માર ખાવા લાગ્યું તયારે રૂશિયા વચ્ચે આવવા તૈયાર થયું. એનું પરિણામ એ નિપજયું કે, ટરકીની હાલત ઊપર વિચાર કરવા યુરોપના મોટા રાજયોના વકિલો કાન્સટાનટીનોપલ ખાતે મળ્યા. આનું શેવટ સમાધાની ભરેલું આવ્યું નહીં. રૂશિયાને ઈંગ્લાંડ હલકું પાડવા માગેછે માટે તે અંદરખાનેથી ટરકીને રૂશિયાની સામે થવા ઊશ્કેરેછે, એવો મજબુત ખ્યાલ રૂશિયાના લોકોના મગજમાં પેઠો. આ ખ્યાલથી રૂશિયાનાં ઘણાં ખરાં બધાં લોક અને તેમાં લડાઇની વિરૂધ મત આપનારાં લોક પણ ઊશ્કેરાઇ ગયાં, અને જેવી રૂશિયાના ઝારે લડાઇ જાહેર કીધી તેવી તેઓએ મોટી ઉલટ અને ખુશીથી તે ઊઠાવી લીધી.

લડાઈની શરૂઆતમાં અને તેની આગમજ રૂશિયાના લોકના મનની સ્થિતિ કેવી હતી તે આપણે જોઇ

.૮ તેઓનાં મન કેવી
ટાકેલા બનાવો ઉપરથી
.૮૭૭ના એપ્રિલ મહિનામાં
ઝ્યા માહેલા ટરકી મધેના જબરા
ન અને કાર્સને રૂશિયન ફોજે ઘેરો
. રૂશિયન ફોજ વગર હરકતે ડાન્યુબ
ગઈ, અને બલગેરિયાનું પાયતખ્ત શ્રી-
પ કીધું. શરૂઆતમાંજ આવી ફતેહો
યુયાનું લોક ખુશીમાં હતું તેટલાં એક
બર તેઓને મળી કે, રૂશિયન લશ્કર આ-
..લકનના પર્વતો પણ પસાર કરી ગયુંછે,
જનરલ ગુરેકો આદ્રિઆનોપલ ઊપર વધ્યો જાય
હવે કાન્સટાનટીનોપલ હાથ કરવામાં ઘણો વિલંબ
નથી એવું ધારી રૂશિયનો બહુ હરખાવા લાગ્યા. તેઓ એવું પોકારવા લાગ્યા કે ટરકી જે એક દરદી માણસ ગણાતો હતો તે મરણ પામ્યો, અને તેના મરણથી પૂર્વ તરફનો સવાલ નકકી થઈ ચુકયો.


આવું ધારવામાં તેઓ ઠગાયા. જરા વારમાં તેઓએ જોયું કે, પેલો દરદી માણસ મરણ પામ્યો તો નથીજ, પણ લડાઈનું સુકાન પોતાની તરફમાં ફેરવી નાખવા તે શક્તિવાન થયોછે. એશિયા માહેલા ટરકી દેશને માર્ગે ફતેહમંદ રૂશિયન સૈન્ય કાન્સટાનટીનોપલ હાથ કરવા વધી જતું હતું તેને ટરકોએ ઝેવીન આગળ માર મારી સરહદની પેલીમેર હાંકી કહાડયું, યુરોપમધે પ્લેવના ઊપર હુમલો કરવા જતાં મોટી ખુવારી સાથ રૂશિયનો માર ખાઈ બેઠા, અને બીજો હુમલો કરતાં વધારે હાર ખમી પાછા હટયા, ગુરેકોએ આગલ વધી દુશ્મનો ઉપર ચઢાઈ લઈ જવા માંડી હતી તેમાં તે નિશ્ફળ થયો, અને ઉત્તર બલગેરિયાના લોકો પોતાનો છુટકારો કરવા આવનાર તરફ મમતા અને નિમકહલાલી બતાવવાને બદલે નાખુશી જાહેર કરવા લાગ્યા. આ વખતે રૂશિયાના વિચાર વળી ફરી ગયા. હજારો લોકોએ પોતાના વાહલાઓના જાન લડાઇમાં ખોયા તેથી તેઓ કલાપિટ કરવા લાગ્યા. આ સઘળું જોઈ, જેઓએ લડાઈની ઉશ્કેરણી કરી હતી તેઓ ઉપર તમાંના લોકોએ તેનો સઘળો જોખમ નાખ્યો, અને ઘણા ખરાબ વખતે, વગર વિચારે અને વગર તૈયારીએ આ પગલું રૂશિયાએ ભરયું એવો ઠપકો તેને તેનાંજ લોકો દેવા નિકળ્યાં.

પણ અકટોબર મહિનાની અધવચમાં રૂશિયાનું ભાગ્ય પાધ્ધરું ફર્યું, અને તેનો પાસો પાછો સુલટો પડવા લાગ્યો. મુખત્યાર પાશા રૂશિયનોને હાથે માર ખાઈ ગયો, કાર્સ પડયું, અર્ઝરૂમ ઊપર ઘેરો નખાયો, પ્લેવનાનો નાશ થયો અને શુરો ઓશમાન પાશા પોતાના અર્ધો લાખ બાહાદુર લશ્કર સાથ રૂશિયનોને શરણ થયો. પાછા હવે બાલકનના પહાડો પસાર કરી જવાની તૈયારી એો ચાલેછે. પાછી હવે આદ્રિઆનોપલ ઉપર વધી જવાની સેતાબી કરવામાં આવેછે. આ બનાવો હાલ બનેછે અને એઓથી થયલા ફેરફારો સાથ રૂશિયાના વિચારોમાં પણ પાછો ફેરફાર થઇ ગયોછે. હવે રૂશિયાનાં થોડાંજ લોક સ્લાવ લોકોનો ફકત છુટકારો જોઈ સંતોષ પામવા ચાહેછે. હવે તો એ સવાલ પાછલ પડી ગયોછે, અને એક નવો આગલ ધરવામાં આવ્યોછે. સીતેર હજાર માણસોની આ લડાઇમાં ખુવારી થઇછે, અને લખો કરોડો રૂપિયાનો ખર્ચ થઇ ચુકયોછે તેનો બદલો શું, એવો સવાલ હવે રૂશિયા પુછવા નિકળ્યુંછે. તે હવે માગેછે તે હરઝીગોવીનિયા, બોસનિયા અને બલગેરિયાના સ્વતંત્રપણા ઊપરાંત તે જળવાઇ રહે તેની જામીનગીરી છે. તેને હમણા જે જોઇયેછે તે પોતાને માટે ડારડેનલ્સનો ખોલ્લો માર્ગ અને આરદાહાન, કાર્સ અને બાટુમના કિલ્લાઓ છે. એ સઘળું મેળવવા તે હાલ તત્પર છે, અને તેમાં તે કેટલે દરજજે ફાવેછે તે હવે જોવાનું છે. આજ સુધી આ લડાઇનો સામટો પણ ટુંક ચિતાર ધ્યાનમાં લીધા બાદ આપણે એની પેહેલી શરૂઆતથી એનું વાસ્તવિક બયાન આપવાનું શરૂ કરયે છિયે.

હરઝીગોવીનિયા પ્રાંત અને તેને લગતી કેટલીક વિગત.

કોઈ પણ બે અથવા બેથી વધારે પ્રજાઓ વચ્ચે સળગી ઉઠેલી લડાઇનો પાયો જો આપણે તપાસવા જઇશું, તો તે કેટલાંક વજનદાર તેમજ કેટલાંક તકલીદી, કેટલાંક લાંબા વખતનાં ઉભાં થયલાં તથા કેટલાંક તરતનાં મળી આવેલાં કારણો ઉપર રચાયલો માલમ પડશે. હાલની રૂશિયા અને ટરકી વચ્ચેની ભયંકર લડાઇનું પેહેલ વેહેલું કારણ આપણે શોધવા જઇયે છિયે તો યુરોપ માહેલા ટરકી દેશમાં આવેલા હરઝીગોવીનિયા નામના પ્રાંત તરફ આપણી નજર ખેંચાયછે. યુરોપ માહેલો ટરકી દેશ જેમ મુસલમાનોથી તેમજ ખ્રિસ્તીઓથી વસાયલોછે. એ દેશનાં કેટલાંક પરગણાંઓમાં મોટો ભાગ મુસલમાનોનો તો કેટલાંકમાં મોટો ભાગ ખ્રિસ્તીઓનો માલમ પડેછે. વળી કેટલાક ભાગો એવા છે, કે જેમાં એ બંનેની વસ્તી લગભગ સરખી હોયછે. હરઝીગોવીનિયામાં મોટો ભાગ ખ્રિસ્તી ધર્મ પાળનારાઓનો વસેછે. ટરકી દેશની વાયવ્ય દિશા તરફ એક સાંકડા ભાગ ઉપર હરઝીગોવીનિયાનો પ્રાંત મુકાયલોછે. એની ઊત્તરે ક્રોએશિયા, ઉત્તર પૂર્વે બોસનિયા, દક્ષિણે મોનટીનિગ્રો અને દક્ષિણ પશ્ચિમે આદ્રિઆટીક સમુદ્ર આવે-

લાં છે. હાલ હરઝીગોવીનિયાને નામે ઓળખાતું પરગણું આગળ ક્રોએશિયાનો એક ભાગ ગણાતો હતો, પણ ઈ૦ સ૦ ૧૩૨૬ માં એ પ્રાંતને બોસનિયા સાથ જોડી નાખવામાં આવ્યો હતો. એ વખતે બોસનિયા હંગેરિયન વંશના રાજાઓને ખંડણી આપતું હતું, પણ ઈ૦ સ૦ ૧૭૮૯ માં તે ટરક લોકોની સત્તા હેઠળ આવ્યું. જો કે હરઝીગોવીનિયા બોસનિયા સાથ જોડાવલું હતું તો હાથ ચહડ્યું ત્યારે હરઝીગ સત્તા કબુલ રાખી નહીં એટ ૧૬૯૯ સુધી તે પોતાનું સ્વતંત્ર ક્તિવાન થયું. એજ વરસમાં હંગરી હાથમાં ગયું ત્યારે ટરકી અને આસ્ટ્રિઆ ટઝ આગલ થયલા કોલ કરારોની રૂએ



ટરકોને સોંપવામાં આવ્યું. હરઝીગોવીનિયાનો પ્રાંત ક્યાં આવેલોછે તે સારી રીતે દેખાડવા સારૂ ટરકીના ઘણા ખરા પ્રાંતોનો નકશો હિયાં આપ્યોછે. એ નકશા તરફ નજર કરતાં એ પરગણું તેની પશ્ચિમ તરફ એક સાંકડા ભાગ ઉપર એકલું ઊભેલું જણાયછે. એ પૂર્વથી પશ્ચિમ સુધી આસરે ૧૪૦ માઇલ લાંબુ અને ઉત્તરથી દક્ષિણ સુધી આસરે ૫૦ માઇલ પોહોળું છે. એની જમીન પહાડી હોવાથી એમાં વસનારાંનો સંખ્યા ઘણી થોડી છે. હિયાંનાં લોકો જે જગ્યા ઉપર રહેછે તે જગ્યાની હાલત તરફ જોતાં ઘણાં સુધરેલાં હોવાં જોઇયે નહીં. તેઓ પહાડી લોકો છે અને તેથી વેપારવનજમાં પડી પોતાનાં સાંકડાં મન ખિલવવા તેઓ શકિતવાન થયલાં નથી. બીજી જાતનાં લોકો તથા બીજી પ્રજાઓ સાથ તેઓનો વેહેવાર ઘણો થોડો જણાયલોછે, અને તેમ હોવાથી સુધરેલાં લોકના સંબંધમાં તેઓ આવતાં નથી તથા તેઓને તેઓની હાલત સુધારવાની અને મન ખિલવવાની તક મળતી નથી. તેઓ મગરૂર, અસભ્ય અને સ્વતંત્ર છે અને તેથી કરીને તેઓથી મુસલમાનો તરફ સારી ચાલની આશા રાખી શકાતી નથી. હરઝીગોવીનિયાનો પ્રાંત બોસનિયાથી તદન જુદો દેખાયછે, પણ સરકાર દરબારી કેટલીક મતલબો જાળવવા સારૂ એને બોસનિયાનો એક ભાગ ગણવામાં આવેછે. એ ગાહેલી વસ્તીનો મોટો ભાગ ખ્રિસ્તી ધર્મ પાળનારો હોવાથી તે પોતાના મુસલમાન રાજકર્ત્તાઓ તરફ કોઇપણ વખતે પ્રીતથી વર્તતો જણાતો નથી. પોતાના દિલમાં બેદિલીનું દરદ છુપાવી રાખી એ ભાગ વારંવાર બળવો ઊઠાવતો આવ્યોછે. એ બળવાઓ-

માંનો સર્વથી ભયંકર બળવો ઇ. સ. ૧૮૭૫ ના સાલમાં તારીખ પેહેલી જુલાઇએ થયો હતો, અને હાલની ત્રાસદાયક લડાઇ એંચી લાવનાર એજ બળવો મૂળ તરીકે ગણાયછે. આપણે જોઇયે છિયે કે, દરેક ફિતુરમાં અંદરખાનેથી કાંઇ પણ ઉશ્કેરણી હયાત હોયછે. હરઝીગોવીનિયાના બળવામાં ચોક્સ ઉશ્કેરણી હતી, અને તે ઉશ્કેરણી કરનારાં મોનટીનિગ્રોનાં લોકો હતાં.

ઇ૰ સ૰ ૧૮૭૪ના શિયાળામાં હરઝીગોવીનિયામાં આવેલા નેવીસીનજી નામના તાલુકામાંથી એકસો ચોસેઠ માણસો મોનટીનિગ્રોમાં જઇ વસ્યા, અને તેમ કરવાનું તેઓનું મુખ્ય કારણ ત્યાંનાં લોકો પાસે મદદ મેળવવાનું હતું. હિયાં આવી તેઓએ મુસલમાન રાજકર્તાઓ તરફથી પોતા ઉપર પડતાં કેટલાંક દુઃખોનું ઘણું સહરાવીને બયાન કર્યું. તેઓએ એવી ફરીઆદ કરી કે, ઇ૰ સ૰ ૧૮૭૪ ના સાલમાં ખેડુતો પાક પેદા કરવામાં તદન નિષ્ફળ થયા હતા તે છતાં તે બિચારા ગરીબ અને કંગાલ લોકો પાસેથી નાણાની નજીવીમાં નજીવી રકમ જોર જુલમથી પણ કઢાવવાને ઇજારો ઉઘરાવનાર ઇજારદારોએ બાકી રાખ્યું નહીં. જેઓએ કાંઇ પણ આપવાને પોતાની અશક્તિ બતાવી તેઓને માર મારી કેદ કરવામાં આવ્યા, અને જેઓ એ માટેની ફરીઆદ ઉઠાવવા લાગ્યા તેઓને સરકારના હોકમથી પકડવાની ધમકી આપી. આ સઘળી બીનાથી વાકેફ થતાંજ મોનટીનિગ્રનોએ હરઝીગોવીનિયનોને પોતાથી બની આવ્યું તેમ સારી રીતે ટરકીની સરકાર સામે ઉશ્કેર્યા, અને થોડા મહિના મોનટીનિગ્રોમાં રહી હરઝીગોવીનિયનો ટરકીની સરકારની રજામંદી લઇ પોતાના વતનમાં પાછા ફરયા ત્યારે તેઓ પોતાની સાથ પોતાનાં ઊશ્કેરાયલાં મન અને બેદિલ દિલ લેતા ગયા. એની અસરમાં તેઓએ પોતાના ઉપર ટરકી સરકાર તરફથી નખાયલો કર આપવા સાફ ના પાડી, અને ટરકીની સરકારે નેમેલા અધિકારીઓને તેઓ ના કબુલ રાખવા લાગ્યા.

હરઝીગોવીનિયામાં જાગેલો બળવો.

ટરકીના પ્રાંતોમાં ઇજારદારોની મારફતે લોકો પાસથી કર ઉઘરાવવાની ઘણી માઠી રસમ લાગુ પડેલીછે. જેઓ કર ઊઘરાવવાનો ઇજારો લેછે તેઓ ચોકસ રકમ ચોકસ પરગણાંઓને માટે ટરકીની સરકારને આપેછે, અને ટરકીની સરકારની સત્તા હાથમાં લઈ જેમ પોતાની મરજી પડેછે તેમ ટરકીની ગરીબ રૈયતને પઇસાની બાબતમાં નિચવેછે. ટરકીની સરકાર પોતે પોતાની રૈયત ઉપર જુલમ પાડવામાં ભાગ લેતી નથી તોપણ આ રસમ ચાલવા દેવાથી તે ફોકટની બદનામી પોતાને માથે ખેંચી લાવેછે. જેવો હરઝીગોવીનિયામાં બળવો સળગ્યો તેવુંજ મોસતાર શેહેર જે એ પ્રાંતની ઉત્તરે આવેલુંછે તેના મુતાશરીફ યાને હાકમે બળવાખોરોનો ફરીઆદ સાંભળવા અને તેઓને ઇનસાફ આપવા તેઓને પોતાના શેહેરમાં બોલાવ્યા. બળવાખોરોએ ધાર્યું કે, તેઓ જો મોસતાર જશે તો તેઓને પકડી સજા કરવામાં આવશે. આવું ધારી તેઓ ત્યાં ગયા તો નહીં, પણ તેઓનો એક વતની પોતાના કાંઇ કામને સારૂ મોસતાર જઈ આવ્યો તેને મારી નાખ્યો. જેઓ બળવાથી અલગ રહેવા ચાહતા હતા તેઓને જોરજુલમથી તેમાં સામેલ થવાની ફરજ પાડી, અને જેઓ સલાહ સંપજ ચાહી દુર રહેવા ઇચ્છતા તેઓનાં ઘર બાળી નાખ્યાં, તેઓનાં કામકાજ અટકાવી પાડયાં, અને તેઓને મારી નાખવાની ધમકી આપી. બળવાખોર આવી રીતે ઊશ્કેરાઈ રહયા હતા તેટલામાં ટરકી લશ્કરી શિપાઇઓએ ખ્રિસ્તીઓ સાથ આડી ચાલ ચલાવી તેઓને અપમાન આપ્યું, અને તેઓનો જુસ્સો વધાર્યો. આવી રીતે બંને બાજુવાળા ઉશ્કેરાઇ રહયા હતા તે છતાં પણ આ બળવામાં ચિણગારી મુકનાર કેટલાક રાજદ્વારી ખટપટીઆ ન હતે તો એ બળવો બંધ થઈ જતે, અને બધું સમાધાન થઇ જતે. એ ઉપરાંત વળી આ વેળા કાંઈ એવું બની ગયું કે, ડાલમેશિયાનો પ્રાંત જે ડીનારીક આલ્પસ નામના પહાડોની પેલીમેર હરઝીગોવીનિયાની ઉત્તર પશ્ચિમે આવેલોછે તે પ્રાંતમાં આસ્ત્રિઆનો શાહ ફરવા આવ્યો. આ ઉપરથી ફિતુરીઓના આગેવાનોએ એવું અનુમાન કીધું કે, આસ્ત્રિઆનો શાહ ટરકીના સુલતાન પાસથી બોસનિયાનું પરગણું વેચાતું લેવાની ઇચ્છા રાખેછે. વળી તેઓએ એવી ગણતરી કરી કે, તેઓ વધારે જોસથી બળવો ચલાવવા માંડશે તો ટરકીનો સુલતાન આવા તુફાની પ્રાંતને વેચી નાખવાનું મન બતાવશે. કેટલાક બળવાખોરો તો એટલી હદ સુધી આગળ વધ્યા, કે તેઓનાં દુઃખોનું નિવારણ કરવા સારૂ આસ્ત્રિઆના શાહને તેઓએ અરજી પણ કરી દીધી. આ જોઈ બોસનિયાનો હાકમ દરવિશ પાશા વધારે કોપાયમાન થયો, અને બળવાખોરો ઉપર તે કેટલીક સખ્તાઈ વાપરવા ઉશ્કેરાયો. અરસપરસ નાહાની નાહાની ઝડપાઝડપી થઈ, પણ બંને બોરદુવાળાઓ પાસ હથિયાર બંધ માણસોનું જોર થોડું હતું તેથી તેઓ કશું જાણવા લાયક બજાવી શકયા નહીં. બળવાખોરો તરફ મોનટીનિગ્રનોની ખરી દિલસોજી તો હતી ખરી, પણ રૂશિયાના ઝારે આ પહાડી લોકોને બળવાખોરોને સહાય થતા અટકાવ્યા, કારણ કે ખોલ્લી રીતે ટરકીની સામે માથું ઉચકવાનો વખત નજદીક આવી લાગ્યોછે એવું

શાહે ન વિચાર્યું. વળી આ વેળા સરવિયાનો શાહજાદો પારકાની સત્તા ઉપર હુમલો લઈ જવાની જે રાજનીતિ તેના પરધાનો લઈ બેઠા હતા તે સાથ એક મળતો થતો ન હતો, આસ્ટ્રિઆ વચ્ચે પડવાની આનાકાની કરતું હતું, અને જર્મની તો જોર જુલમથી પોતાનું માથું ઘાલવાનો કાંઈ સબબ જોતું ન હતું.

હરઝીગોવીનિયાના સંબંધમાં ટરકીના સુલતાનનાં હુકમનામાં.

યુરોપના બીજા રાજ્યવાળાઓ આ વેળા ઓલ્લી રીતે ટરકીનો સત્તા વચ્ચે આવવા માગતા ન હતા, પણ દુર બેઠા બેઠા તેઓ પૂર્વ તરફનો સવાલ નક્કી કરવાનો વખત નજદીક આવેલો જોઈ શકતા હતા. ઈ૰ સ૰ ૧૮૭૫ માં યુરોપના મોટાં રાજ્યોએ ટરકીના સુલતાનને ભલામણ કીધી કે, હરઝીગોવિનિયાના લોકોની ફરીઆદ સાંભળવા અને તેઓપર પડતાં દુઃખો ટાળવા માટે એક કમિશન ઉપલા બળવાખોર પ્રાંતમાં મોકલવું. આ ખબર બળવાખોરોના કાને પડતાંજ તેઓએ દસ્તાવેજોની મારફતે પોતાની ફરીઆદો સઘળા મોટા રાજ્યવાળાઓ ઉપર મોકલી આપી. મુખ્ય ફરીઆદો એ હતી કે, ટરકીના સત્તાવાળાઓ તેઓ પાસથી કર ઊઘરાવતાં ઘણી લુચ્ચાઈ વાપરેછે, જાહેર રસ્તાઓ ઉપર કામ કરવા ખ્રિસ્તીઓને વેઠે પકડી લઈ જાયછે, લોકોના ઘોડા લશ્કરી ઉપયોગને માટે બે ધડક ખુંચાવી લેવામાં આવેછે, ન્યાય ખાતામાં લાલચનો સરો પેઠોછે, અને લોકોના જાન, માલ તથા આબરૂ બચાવ વિનાની હાલતમાં આવી પડયાંછે. આ સઘળી ફરીઆદોમાં કેટલીક સચ્ચાઈ હતી, અને કેટલીક સાહરાગાટ પણ હતી. ફરીઆદો સાંભળતાંજ ટરકીના સુલતાને આઇરેદ અને ફરમાન એવે નામે ઓળખાતાં બે હુકમનામાં ઈ૰ સ૰ ૧૮૭૫ ના અકટોબર અને ડીસેમ્બર મહિનાઓમાં બાહેર પાડયાં. એ હુકમનામાંઓની રૂએ ટરકીની મુસલમાન તેમજ ખ્રિસ્તી રૈયતો વચ્ચે એક સરખાપણું જાહેર કરવામાં આવ્યું, અને બેદિલ થઈ ગયલાં લોકોની આફતોનું વગર આંચકી ખાવે નિવારણ કરવાની કબુલાતો આપવામાં આવી. એ હુકમનામાંઓની બરકતથી શું મોટાં કે શું નાહાનાં સર્વ ન્યાયખાતાંઓને નવા પાયા ઉપર રચવામાં આવ્યાં, અને એવું ઠરાવવામાં આવ્યું કે, ન્યાયની મુખ્ય ગાદીઓ ઊપર બેસાડવા સારૂ સર્વ લોકોનો ઈતબાર બેસી જાય એવા પ્રમાણિક અને હુશિયાર માણસોને ચુંટી કહાડવા, અને એવા માણસોને વાજબી કારણ વગર તેઓના ઓહ્દા ઊપરથી કહાડી મુકવા નહીં. એજ હુકમનામાંઓની મારફતે વળી એવું જાહેર કરવામાં આવ્યું કે, ન્યાય અને રાજકારોબાર ચલાવવાનાં બાજાં ખાતાંઓ માટે કાંઇ પણ તફાવત વગર ટરકીની રૈયતની સામટી ચુંટણીથી ઓહ્દેદારોને નેમવા, અને ખ્રિસ્તી અને મુસલમાન રૈયત વચ્ચે ઊભા થયલા મુકદમા દીવાની કોરટની મારફતે ચુકાવવા. એજ હુકમનામાંઓના વધુ કરાર એ હતા કે, લોકો ઉપરના છાપાનો બોજો હલકો કરવો, અને સર્વ ઉપર એકસરખો લાગુ પાડવો; જમીન ઉપર જે કર નાખવામાં આવતો હતો તેમાંથી તેનો પા ભાગ હમેશ સુધી ઓછો કરવો, અને એ કર ઈજારદારોની મારફતે ઊઘરાવવાની રીત તરક કરી કાંઈ પણ જાત યા ધર્મના તફાવત વિના લોકો જેઓને ચુંટી કહાડે તેઓને કર ઊઘરાવનારા તરીકે નેમવા. વેઠે પકડી મફત કામ કરાવવાની રીતને કહાડી નાખવા, અને વેપાર ધંધાને લગતી બાબતો વધારવા તથા ખિલવવા સારી સલાહથી બનતા અને ચાંપટા ઊપાયો લેવા. એ ઉપરાંત ખ્રિસ્તી ધર્મનાં કેટલાંક ખાતાંઓના વડાઓને તેઓના પંથવાળાઓ ઉપર સત્તા ચલાવવાનો તથા પોતપોતાનો ધર્મ છુટથી પાળવાનો આગલ ટરકીની સરકાર તરફથી જે હક આપવામાં આવ્યો હતો તે હક મંજુર રાખી નક્કી કરવામાં આવ્યો, અને છેલાં સઘળી જાહેર ઓહ્દાઓની જગ્યાઓ ઊપર જેઓ મુસલમાન ન હોય તેઓને પણ નેમવાનું ટરકીની સરકારે માથે લીધું. આ બધી કબુલાતો સાથ બીજા ઠરાવો એવા જણાવવામાં આવ્યા કે, લશ્કરી નોકરીમાં સામેલ ન થવા માટે વીસથી ચાલીસ વરસની વચ્ચેનાજ ખ્રિસ્તીઓ પાસથી કેટલાક ઘટાડા સાથ કર લેવો, ઘર અને જમીનમાં પોતાનું નાણું રોકી તેના માલેક થવાની છુટ ખ્રિસ્તીઓને પણ આપવી, અને કોઇ પણ વાજબી કારણસર ટરકીની સરકાર ઉપર અરજી કરો મોકલવાના હકનો લાભ સર્વેને લેવા દેવો.

ટરકીને માટે ચો તરફથી દેખાતાં આફતનાં ચિન્હો.

કોઈ પણ બાબતમાં સુધારા કરવાની કબુલાતો આપવી એ એક વાત છે, અને તે કબુલાતો પુરી પાડવી એ તદન જુદીજ વાત છે. બાહેરના દેખાવે સુધારા ગમે એવા સરસ અને ગમે એવા વખાણવા જોગ હોય, પણ તે જો અમલમાં ન આવે તો તદન નકામા થઇ પડવા જોઇયે. ટરકીના સુલતાને પોતાનાં બે હુકમનામાંઓની રૂએ જે કબુલાતો આપી હતી તે પ્રમાણે તે ચાલશે એવું બીજાઓને લાગતું હતું, કારણ એ વખતે તે ચારો તરફ પોતાની સામે ભયના દેખાવો જોતો હતો. તેના રાજ્યની હાલત દર રોજ વધારે ગુચવાડા ભરેલી,

વધારે ગભરાટ ઉપજાવનારી અને વધારે બિકટ થઇ પડતી હતી. દુષ્ટ દુકાળ તેના એશિયા માહેલા રાજયનું સત્યાનાશ વાળવા પાછલ લાગ્યો હતો, યુરોપ માહેલા તેના રાજયની વસ્તીનો મોટો ભાગ બેદિલ થઇ ગયો હતો, રૂશિયાનો શાહ ટરકીના રાજયના કટકા થયલા જોવાને ઈનતેજારીથી રાહ જોતો બેઠો હતો, જે પ્રજાઓ એક વખત ટરકી તરફ મિત્રાચારી ભરેલી નજરે જોતી હતી તે હાલ થંડા દિલથી તથા ચહડેલા મ્હોડાં સાથ તેના તરફ વર્ત્તતી હતો, અને એ સઘળાં આફતોમાં વધારો કરવા ટરકીના રાજયની નાણાં સંબંધી હાલત ઘણીજ ખરાબ અને બતંગ જાહેર થઇ. આ હાલતને ખેંચી લાવનાર ટરકીના સુલતાનો વગેરે બીજાં ખાતાંઓનો લખલુટ ખરચ, અને અર્થશાસ્ત્ર કે જે પૈસાની કેમ જાળવણી કરવી, તેનો કેમ ઉપ્યોગ અને વધારો કરવો એવું શિખવેછે તે શાસ્ત્રનું ટરકીના રાજકર્ત્તાઓનું અજ્ઞાનપણું, એ બે ખેંચી લાવ્યાં હતાં. નાણા સંબંધી ટરકીની માઠી હાલત તો સર્વ કરતાં ઈંગ્લાંડે પેહેલાંથી જોઈ લીધી હતો. મી૦ ફ્રાસી નામનો એક સખ્સ જે ઇ૦ સ૦ ૧૮૭૪માં કાન્સટાનટીનોપલ મધે ફરી આવેલો હતો તેણે ફકત સુલતાન પાછલ થતો ખરચ બતાવ્યોછે તે ઉપરથીજ ત્યાંના ખરચના લખલુટપણાનો કાંઈ વિચાર આવી શકેછે. તે જણાવેછે કે, બોસ્ફરસના આખા કિનારા ઉપર દર એક માઇલને છેટે પાદશાહી મેહેલો અને ભપકા ભરેલી ઇમારતો સુલતાનના શોખને માટે બાંધી લઈ તેમાંની કેટલાકને એવી દમામ ભરેલી રીતે સીંગારેલીછે કે, તે પાછળ અતિઘણો ખરચ થવો જોઇયે. સુલતાન હમેશાં એકલો ભોજણ કરેછે, અને દરરોજ તે ચોરાણું વાનીઓ ખાયછે, અને તે ઉપરાંત તેનો શોખ થયો તો તે પુરો પાડી દેવા બીજી દશ વાનીઓ ફાલતુ રાખવામાં આવેછે. સુલતાન પાસ આઠસો ઘોડા અને સાતસો બાયડીઓ છે, અને તે બાયડીઓ આગળ ચોકી કરવા તથા તેઓની નોકરી બજાવવા ત્રણ સો ખોજાઓ છે. પાદશાહી મેહેલમાં વસતાં આટલાં બધાં માણસોને ખોરાક પુરો પાડવા સારૂ દર વરસે ચાલીસ હજાર બલદો કાપવામાં આવેછે. દરરોજ બસો મેંઢાં, એક સો બકરાં, દશ વાછરડાં, બસો મરઘી, ચારસો નાહાનાં પિલાં, બસો કબુતર અને પચાસ લીલાં હંસ ખપેછે." આવો ખરચ ટરકીના કરજમાં વધારો કરનાર કાં ન થઈ પડે? ટરકીના રાજયને માથે હાલ જેટલું કરજ છે તેટલું આજ વીસ વરસની વાત ઉપર ન હતું. ઇ૦ સ૦ ૧૮૫૪માં ક્રિમિયાની લડાઇ શરૂ થવાને વખતે ટરકીનું કરજ ત્રણ કરોડ રૂપિયાનું હતું, પણ તે દર વરસે એટલો ઝડપથી વધવા લાગ્યું કે, ઇ૦ સ૦ ૧૮૭૪માં તે એક અબજ અને એંસી કરોડને આંકડે જઇ પોહોચ્યું. ઇ૦ સ૦ ૧૮૭૫માં ટરકીના રાજય પાછળ ખરચ ૨૬૨૯૯૧૭૮૦ રૂપિયાનો હતો અને એ રાજયની આવક ૨૧૭૧૧૭૬૪૦ રૂપિયાની થઇ હતી. જયારે ટરકીના એક પ્રાંતમાં હટીલો બળવો ચાલતો હતો, જયારે બીજા પ્રાંતમાં બેદિલી ફેલાઈ રહી હતી, અને જયારે બીજા રાજયવાળાઓ સાથ ખટપટમાં ઉતરવાનો વખત નજદીક આવી રહયો હતો ત્યારે ટરકીની ખુદ નાણાં સંબંધી હાલત આવી નબળી માલમ પડી. આ હાલત પારકા લોકોએ અટકળી અને જોઇ લીધી; તે સાથ ટરકીએ પોતે પોતાને પારકા દેશના લોકોએ ધીરેલાં નાણાંનું વ્યાજ પુરેપુરૂં આપવાની પોતાની અશકિતી બતાવી દીધી. આથી કરીને દુનિયાની નાણાં બજારમાં ગભરાટ અને શોર બકોર થઇ રહયો, સર્વનાં દિલ ઉશ્કેરાઈ ગયાં, અને ટરકીને નાણાં ધીરનારાઓએ નક્કીપણે જોઈ લીધું, કે ટરકીના અંધેર કારોબારનું પૈડું ફરતું રાખવા તેઓ પોતાના પૈસાથી લુટાઇ બેઠાછે. આવા સંજોગમાં ઈંગ્લાંડના કેટલાક જાણીતા માણસો એવું મત આપવા લાગ્યા કે, ઈ૦ સ૦ ૧૮૫૬માં થયલા પારિસના કોલકરારોની રૂએ ઈંગ્લાંડે મિત્રાચારી ભરેલી રીતે વચ્ચે પડી ટરકીના રાજયકર્ત્તાઓનું ટરકીની આ હાલત ઉપર ધ્યાન ખેંચવું. આવા મત સાથ ઈંગ્લાંડની સરકાર મળતી થઈ નહીં. તે સરકારનું કહેવું એવું હતું કે, પેરિસના કોલકરારની રૂએ ટરકીના માહેલા કારોબારની વચ્ચે જવાની ઈંગ્લાંડને કશી સત્તા મળતી નથી. ટરકીની હાલત ગમે તેવી ખરાબ પેહેલાં હોય, પણ પાછળથી તે સુધરતી જાયછે, અને સારા સુધારા કરવા વિશે સુલતાને જે કબુલાતો આપીછે તેમાં જો વીલંબ લાગતો હોય તો તેમાં ટરકોના પરધાનોની નહીં પણ તેઓના હાથ તળેના નીચલા વર્ગના ઓહદેદારોની કસુર છે. પોતાની પ્રજાના ઉશ્કેરાઈ ગયલા ભાગને ધિરજ આપવા ઈંગ્લાંડના શબ્દો આવા હતા, પણ તેનાં કામકાજો ટરકીના સંબધમાં જુદાંજ જણાતાં હતાં. ટરકીના રાજય વિશે આવા વિચાર જાહેર કરવા છતાં ઈંગ્લાંડ સારી રીતે સમજતું હતું, કે જે વખત જાયછે તેમાં રૂશિયા અને ટરકો વચ્ચે લડાઈ સળગી ઉઠશે. ઈંગ્લાંડની લડાઈ વિશે ઘણી ખરી ખાતરી હોવાથીજ તેણે સુએજની નેહેર, કે જે માર્ગે હિંદુસ્તાન જવાયછે તે નેહેરના ઇજીપ્તના ખેદીવ પાસ જે શેરો હતા તે વેચાતા લઇ લેઈ લોકોને એવું સાફ દેખાડી આપ્યું હતું કે, હિંદુસ્તાન સાથના તેના વેહેવારને લડાઈ જાગવાથી કશો ધોકો ન લાગે તે માટે તેણે પોતાના લાભ આગળથી સાચવી રાખવાના ઉપાય લઇ રાખ્યાછે.

આસ્ત્રિઆનો કૌન્ટ આનદ્રાસી અને ટરકીની સરકાર.

ઈ૰ સ૰ ૧૮૭૫ના સાલની આખરી થવા આવી, પણ હરઝીગોવીનિયામાંનો બળવો નરમ પડવાને બદલે વધારે ભયંકર રૂપ પકડવા લાગ્યો. આ વખતે આસ્ત્રિઆના ચાનસેલર યાને પાદશાહી મોહોર રાખનાર પરધાન કૌન્ટ આનદ્રાસીએ સરક્યુલરના આકારમાં એક દસ્તાવેજ કહાડી તે યુરોપના રાજ્યવાળાઓમાં ફરતો કીધો. આ દસ્તાવેજમાં ટરકીના સુલતાનને એવી ભલામણ કરવામાં આવી કે, તેણે તેના રાજ્યમાં સુધારો કરવા આપેલી કબુલાતો પાર પડવાના ઉપાયો લેવા સારૂ એક કમિશન નેમવું, અને તે કમિશનના અર્ધા મેમબરો ખ્રિસ્તીઓ અને અર્ધા મુસલમાનો ચુંટી કહાડવા. ટરકીની સરકારે સસતા ભાવે પોતાની પડત પડી રહેલી જમીન ખેડુતોને વેચવી તથા યુરોપના રાજ્યવાળાઓ સુલતાનની પાસે તેના રાજ્યમાં સુધારો કરવા સારૂ જે માગણીઓ કરે તે તેણે બાહાલ રાખવી, એ રીતનું પણ ઉપલા દસ્તાવેજમાં લખાણ હતું. કેટલીક બીજી સરતો પોતાના દસ્તાવેજમાં દાખલ કરવા ઉપરાંત છેલ્લાં કૌન્ટ આનદ્રાસીએ પોતાનો એવો વિચાર જણાવ્યો હતો કે, સુલતાને જે કબુલાતો મોઘમમાં આપીછે તેથી બળવાખોરો શાંત થવાને બદલે સામા ઉશ્કેરાશે, વસંત રૂતુ બેસતાંજ બલગેરિયા, ક્રિટ અને બીજી જગ્યાઓ ઉપરથી બેદિલ થયલાં લોકો હરઝીગોવીનિયાના બળવાખોરોને આવી મળશે, અને સરવિયા તથા મોનટીનિગ્રોની સરકાર પોતાની ઉશ્કેરાઈ રહેલી રૈયતોને અટકાવી રાખવા અશક્ત થઈ જશે. આ જાતનો દસ્તાવેજ બાહેર પાડવામાં જર્મની, રૂશિયા અને આસ્ત્રિઆ એક મળતાં હતાં એવું કેટલીક રીતે ખાતરીપુર્વક ધારી શકાતું હતું. એ દસ્તાવેજ ફરતો ફરતો જ્યારે ઈંગ્લાંડ આવ્યો ત્યારે ત્યાંના પરદેશખાતાના પરધાન લાર્ડ ડરબીએ જણાવ્યું, કે તે અને તેના સાથીઓ એ દસ્તાવેજ મધે કરેલી દરખાસ્તોની સામટી રીતે મંજુરીઆત આપશે. એ દસ્તાવેજ ૧૮૭૬ના જાન્યુઆરી મહિનાની આખરીએ સુલતાનના હાથમાં જ્યારે ગયો ત્યારે તે મધે બળવાખોર પરગણાંઓ ઉપર સીધા તથા આડકતરા કરો નખાતા હતા તેનો શું ઉપયોગ કરવો તે વિશે નક્કી કરવા વિશેની જે એક દરખાસ્ત હતી તે શિવાય બધી દરખાસ્તો તેણે કબુલ રાખી; અને તે સાથ પોતાનો એવો વિચાર જાહેર કર્યો કે, શેહેનશાહતની આવકમાંથી ચોકસ રકમ હરઝીગોવીનિયા અને બોસનિયાની કોઈ જરૂરની અગતો પુરી પાડવા સારૂ એલાયદી રાખવામાં આવશે. ટરકીના સુલતાનની આટલી બધી નરમ વર્તણુક છતાં એ દસ્તાવેજની ધારવા જેટલી પણ અસર થઈ નહીં. રૂશિયાની ઉશ્કેરણીથી ટરકીના શેહેનશાહતનો નાશ કરવાનો હેતુ ધ્યાનમાં રાખી આસ્ત્રિઆની સરકારે આ દસ્તાવેજ બાહેર પાડયોછે એવું ઘણી તરફથી માનવામાં આવ્યું. એમ હોવાથી જે કમિશન ઠરાવવામાં આવતે તે રૂશિયાના લાગ વગ તળે કામ કરતે, અને તે પોતાની સઘળી ધોરણ ટરકીનું સ્વતંત્રપણું ખુંચવી લેવાનીજ રાખતે. ટરકીની આપ એખ્તિઆર સત્તા છિણવી લેવા રૂશિયાતો ઘણાં વરસ થયાં તળપી રહયું હતું, તેથી લડાઈમાં પડી મોટા ખરચનો યા હારનો જોખમ માથે ખેંચવા વગર આપોઆપ આવા ઊપાયથી પોતાનો મતલબ સરતી જોતે તો તેમ કરવા તે અતિઘણું ખુશ થતે.

હરઝીગોવીનિયાના બળવાખોરોની માગણી.

આવા બિનઉપયોગના દસ્તાવેજ ઉપર એક તરફથી તકરાર ચાલતી હતી અને બીજી તરફથી હરઝીગોવીનિયાનો બળવો તેનાં પુરતાં બળ સાથ આગળ વધી રહયો હતો. ઈ૰ સ૰ ૧૮૭૬ના સાલની શરૂઆતમાં કેટલીક નાહાની નાહાની લડાઈઓ ચાલી, અને તેઓમાં બળવાખોરોનો એક આગેવાન માર્યો ગયો. મોનટીનિગ્રો અને સરવિયા તરફથી છુપી રીતે બળવાખોરોને મદદ મળવાથી તેઓએ ઘણી હિમ્મતથી લડવા માંડયું, અને કોઈ કોઈ વારતો ટરકીની સરકારની ફોજને હરાવવામાં તેઓ ફતેહ પામ્યા. હરઝીગોવીનિયાના ગવરનર જનરલ અલી પાશાએ તારીખ ૨૪મી માર્ચે બળવાખોરોને લડાઈથી મેહેતલ આપવા માગી, અને તે બળવાખોરોએ સાફ ના પાડી; પણ આસ્ત્રિઆની સરકાર તરફથી જનરલ રોદીચ બંને બોરદુ વચ્ચે સમજુતી કરાવવાના સારા હેતુથી આવી પોહોંચ્યો ત્યારે દશ દહાડા સુધી લડાઈ બંધ રાખવાની ગોઠવણ કરવામાં આવી. જનરલ રોદીચ પોતાના શુભ કામમાં પાર પડયો નહીં; કારણકે જે સરતો બળવાખોરો કબુલ કરાવવા માગતા હતા તે મંજુર રાખી શકાય એવી ન હતી. રૂશિયા તો કોઈ પણ રીતે ટરકીની ઊપર તરાપ મારવાજ બેઠું હતું તેથી તેની પરધાન ટોળીના વડા પ્રિન્સ ગાર્સચેકાફે એવું મત આપ્યું કે, બળવાખોરોની સરત ધ્યાનમાં લેવાજોગ છે. બળવાખોરો એવું માગવા લાગ્યા કે, ટરકીના રાજ્યમાં ખ્રિસ્તીઓથી વસાયલાં પરગણાંઓની જમીનનો ત્રીજો ભાગ ખ્રિસ્તીઓને આપી દેવો, ટરકીના રાજ્યના લશ્કરી શિપાઈઓને કિલ્લેબંદીવાળાં શેહેરોમાં જમાવ કરવા, ખ્રિસ્તીઓનાં જે જે ઘરો અને દેવલો મુસલમાનોએ તારાજ કીધાંછે તે ટરકીની સરકારે પોતાના ખરચે પાછાં બાંધી આપવાં, ખેડુતોને

ઓછામાં ઓછું એક વરસ સુધી ખોરાક અને ખેતીવાડીનાં ઓજારોનો ખરચ ટરકીની સરકારે પુરો પાડવો, બળવાખોરો ઊપર ત્રણ વરસ સુધી છાપો નાખવો નહીં, જ્યાં સુધી મુસલમાનોનાં હથિયારો છોડવવામાં આવે ત્યાં સુધી બળવાખોરો પાસ હથિયારો રેહવા દેવાં, અને ખ્રિસ્તીઓએ ખમેલી ખોટ પુરી પાડી આપવાનાં નાણાં એક યુરોપિયન કમિશનના હાથમાં ટરકીની સરકારે સોંપવાં. આ સઘળી માગણીઓ એટલી કઠણ હતી કે, આસ્ત્રિઆ તેના વાજબીપણા માટે રૂશિયા સાથ કદાચ એક મળતું થતે તોપણ, ટરકીનો સુલતાન તેને કદી કબુલ કરતે નહીં. ટરકી કાંઇ છેકજ મરવા પડયું ન હતું કે, આવી માગણીઓ તે કબુલ કરી દેતે. તેનામાં બળવાખોરોને કચડી નાખવાની પુરતી શક્તિ હતી, અને તે પ્રમાણે ખોલાં મેદાનોમાં તેણે કરી બતાવ્યું; પણ જે બળવા પહાડોમાં સળગયા હતા તેને કચડી નાખવા તે એકદમ સામર્થવાન ન હતું.



હરઝીગોવીનિયાનો ગવરનર જનરલ અલી પાશા.

હરઝીગોવીનિયાનો બળવો કચડી નાખવા સારૂ ત્યાંના ગવરનર જનરલ અલી પાશાએ પણ ચાંપતા ઊપાયો લેવા પોતાથી બનતી મેહેનત કીધી હતી. એ પાશાનું ચિત્ર ઉપર આપ્યુંછે તે ઉપરથી જણાયછે કે, એનું કદ ટુંકું છે, અને એ હાલ પુરતી પાકી ઉમરે પુગેલ લાગેછે. એક ગરીબ અને તદન અંધકારમાં પડેલા સખ્સ તરીકે એણે રાજદવારી નાટક તખતા ઊપર પોતાનું પેહેલવેહેલું પગલું મુકયું હતું. ટરકીના રાજ્યની નોકરીમાં એ એક હલકા વર્ગના મેહેતા દાખલ રહયો, અને રફતે રફતે વધીને આ મોટાઇએ પોહોંચયોછે. એ ધણી એક વખત ઈંગ્લાંડની દરબારમાં ટરકીના શેહનશાહત તરફથી એલચી તરીકે આવી રહયો હતો. રાજ દરબારી કાવાદાવા કરવામાં એ બાહોશ નર ગણાયછે. ફ્રેન્ચ ભાશા એ ઘણી સારી રીતે બોલેછે, અને યુરોપના સુધરેલા રેવાજોથી સારી રીતે વાકિફગાર થયલો લાગેછે. એ ધણીના રાજ્યાધિકાર હેઠળ જાગેલો બળવો પાછો સુવારી દેવાડવામાં આવ્યો તેટલાં ટરકીની નાણાં સંબંધી હાલત વધારે બારીક જાહેર થઈ. ટરકીને માથે એ વેળા લગભગ બે અબજનું કરજ આવી પડયું હતું તે મટાડવાનું તો રહયું, પણ તેનું વ્યાજ જે વરસ દહાડે દશ કરોડ અને ચાલીસ લાખ રૂપિયા થવા જતું હતું તે પણ પુરૂં પાધરૂં ટરકીથી આપી શકાયું નહીં. નાણાં સંબંધી આ


સંકટ ટાળવા તરેહવાર ઉપાયો લેવા પાછળ ટરકીના રાજ્યની પરધાન ટોળી લાગી હતી તેટલાં બીજી તરફથી નવાં સંકટો ટરકીને માટે ઊભાં થયાં.

સાલોનિકામાં થયલાં બે યુરોપિયન કાનસલોનાં ખુન.

આ સંકટો શું હતાં તે જાણવા સારૂ સાલોનિકા તરફ આપણી નજર દોડાવવી જોઇયેછે. યુરોપ માહેલા ટરકી દેશના રૂમિલી નામના પ્રાંતની દક્ષિણે સાલોનિકા પરગણામાં એ શેહેર આવેલુંછે. નકશામાં જોતાં એ શેહેર સાલોનિકાના અખાતની મથાળેજ નજરે પડેછે. આડ્રિઆનોપલની દક્ષિણ પશ્ચીમે ૨૦૫ માઇલને છેટે એ શેહેર ઊભુંછે. એક ઊભી ટેકડી જે સાલોનિકાના અખાતના કિનારા ઉપરથી ઊંચે ચહડેછે તેની એક ઢલાણ ઉપર એ બાંધેલુંછે. એ શેહેરની આસપાસની દેવાળનો ઘેરાવો આસરે પાંચ માઇલનો છે. એની વસ્તી આસરે સીતેર હજાર માણસોની છે, અને તેમાંમોટો ભાગ ખ્રિસ્તીઓનોછે. રોમન લોકોની ચહડતીમાં એ શેહેર વખાણ પામેલું હતું, અને પૂર્વ તથા પશ્ચિમ સાથ એનો સારો વેપાર ચાલતો હતો. રેશમના કપડાંનો હાલ પણ એ મધે સારો ખપ થાય છે. મકાઈ, ઘઊં, જવ, તમાખુ, ઉન, વાદળાં, દારૂ અને સાગના લાકડાં વગેરે જનસો હિયાંથી બાહેર જાયછે. જુદા જુદા રાજ્યોના કાનસલો એ શેહેરમાં રેહેછે તેથી કેટલુંક અગત્યપણું એ હાલ ધરાવેછે. રોમન અને ગ્રિક લોકોને હાથની બનેલી સિલ્પશાસ્ત્રને લગતી વસ્તુઓના નમુનાઓ એ શેહેરના મોહોલા અને જાહેર ઇમારતોમાં વિખરાઈ પડેલા હાલ નજરે પડેછે. એ મધે દેરાંઓ અને મિનારાઓ એટલા સુંદર છે, કે દુરથી એનો દેખાવ ઘણો રળિયામણો લાગેછે. જે દેરાંઓમાં અસલ રોમન અને જુનાની દેવતાઓની પુજા ચાલતી હતી તથા જે દેરાંઓ ખ્રિસ્તીઓ પોતાના ધંધાથી ગજાવી મુકતા તેઓનો હાલ મુસલમાનોની મસજીદ દાખલ ઉપયોગ થાયછે. પણ એ શેહેરની આટલી બધી જાહોજલાલી છતાં એના ઊપર કોઇ જાતનો શ્રાપ ચોંટેલો લાગેછે. કાપાકાપી અને ખુનરેજીને લીધે એ શેહેર ખરાબ નામ મેળવી બેઠુંછે. ઈ૦ સ૦ની ચોથી સદીની આખરીએ એ શેહેર મધે પાશબાની કરનાર લશ્કરના વડા સરદાર અને તેના મુખ્ય અમલદારોએ, એ શેહેર મધે થતી સરકસની રમતમાં ઘોડા ઉપર ખેલ કરી બતાવનાર લોકોના માનીતા એક ખેલાડીને તેના કોઈ મોટાં બદકરતુકથી થયલા ગુનાહને માટે કેદ કીધો તેથી શેહેરના લોકોએ ઉશ્કેરાઇ જઈ ઉપલા અમલદારોનું ખુન કીધું. લોકોનો આ વાંક મોટો હતો, પણ તે વાંકને માટે જે સજા તેઓને થઈ હતી તેનું તો પ્રમાણજ હતું નહીં. રોમના શેહેનશાહ પેહેલા થિઓદોશ્યસે પોતાના લશ્કરી અમલદારોનાં ખુન વિશે સાંભળતાંજ પોતાના જંગલી ખવાસના લશ્કરી શિપાઇઓની એક ટુકડી એ શેહેરીઓ ઉપર છોડી દીધી; જેથી ત્રણ કલાકના અરસામાં સાતથી પંદર હજાર શેહેરીઓને તેઓએ કતલ કરી નાખ્યા. આ જેવું ભયંકર કામ તવારીખના સફા ઉપર કવચીતજ નોંધાયું હશે. એજ કમબખ્ત શેહેરમાં ઈ. સન ૧૮૭૬ ના સાલના મે મહિનામાં એક વિપત્તી આવી પડી જે ઉપલા કાળામાં કાળા બનાવ આગળ તો ઘણું નાહાનું રૂપ પકડતી હતી, પણ તેના સંબંધમાં એકલીજ જોતાં તે સંતાપકારક હતી. તારીખ ૫ મી મેએ આ ઉપર બતાવેલાં ચિત્ર વાળી બલગેરિયાની એક છોડી જે ખ્રિસ્તી ધર્મમાંથી મુસલમાન ધર્મમાં વટલી ગઇ હતી તે સત્તાવાર રીતે પોતાનો



મુસલમાન થઈ ગયલી બલગેરિયાની એક છોડી.



સાલોનિકા મધે જર્મન અને ફ્રેન્ચ કાનસલોના મુસલમાનોએ કરેલાં ખુનનો દેખાવ.

ધર્મનો ફેરફાર નોધાવા રેલવેની ગાડીમાં બેસી સાલોનિકા આવી લાગી. તેણીને તેણીની ખુશી ઉપરાંત વટલાવીછે એવી ફરીઆદ ઊઠાવી કેટલાક ગ્રિક ખ્રિસ્તીઓ તેણીના રખેવાલો સાથ ચાલતી રસ્તામાંથી તેણીને ઊંચકી લઈ નાહાઠા. પેહલાંતો તેઓ તેણીને અમેરિકાના રાજ્યના નાયબ એલચીના ઘરમાં લઇ ગયા, અને ત્યાંથી શેહેરના જે ભાગ ઉપર ગ્રિક લોકોની વસ્તી હતી ત્યાં લઇ જઇ તેણીને છુપાવી. આ બનાવથી એ જગ્યાના મુસલમાન રહેવાસીઓનો મીજાજ જતો રહયો. આ કામ બનવાની બીજેજ દહાડે પાંચ હજાર મુસલમાનો ભેગા થયા, અને તેઓ ત્યાંના હાકમને ઘર જઈ પેલી છોકરીની માગણી કરી એવું જણાવવા લાગ્યા કે, ખ્રિસ્તીઓએ તેણીને જોર જુલમથી ઊંચકી લઈ જઈ મુસલમાનોને મોટું અપમાન આપ્યુંછે, અને ખરૂં જોતાં તેમજ ખ્રિસ્તીઓએ કીધું હતું. ઉશ્કેરાઈ ગયલાં આ લોકોને સરકારી અમલદારોએ મોટી મુશ્કેલીથી થંડાં પાડી છુટાં કીધાં, પણ થોડા વખતમાં તેઓમાંનાં ઘણાંક પાછાં એક પાસેની મસજીદમાં મળી પોતાની માગણીને માટે શોરબકોર કરવા લાગ્યાં. જ્યારે મુસલમાન લોકો આવી રોતે ગરમ થઈ ગયા હતા ત્યારે તે જગ્યાના ફ્રેન્ચ કાનસલ જુલ્સ મુલીન અને જર્મન કાનસલ હેનરી એબત તેઓ વચ્ચે ગયા. લોકો તો એવું માનતાં હતાં કે, તે છોડીને જર્મન કાનસલના ઘરમાંજ રાખીછે. એ ઉપરથી અરસ પરસ તકરારો ચાલી, અને જરા વારમાં મુસલમાનોએ ઊશ્કેરાઈ જઇ પેલા બંને એલચીઓનું ઘાતકીપણે ખુન કીધું. જે જગ્યાએ આ ભયંકર ખુનો થયાં તે જગ્યાનો ગભરાટ ભરેલો દેખાવ આ પાસેના ચિત્ર ઊપરથી નજરે પડેછે. આવો ગુનાહ મુસલમાન લોકો પોતાના મનની કોઈ બીજી સ્થિતીમાં કદાચજ કરતે. યુરોપની બે મોટી પ્રજાઓના ખુદ પ્રતિનિધીઓનેજ મારી નાખવામાં આવ્યા, અને તેપણ મુસલમાન રૈયતને હાથે. તેટલા માટે ટરકીને ઊપજેલો ગભરાટ અને તેનાપર આવી પડવાનાં સંકટનાં ચિન્હો કશી રીતે સેહેલાઇથી પસાર કરી જવા જોગ ન હતાં. આ કામ ઉપર આખાં યુરોપમાં તિરસ્કાર નાખવામાં આવ્યો. ફ્રાન્સ અને જર્મન લડાઇનાં વહાણો લશ્કર સાહીત સાલોનિકા ખાતે તરત રવાના કરવામાં આવ્યાં. આ બંને પ્રજાનાં દમામ ભરેલાં લશ્કરની દેખરેખ નીચે મોટા ભપકા અને ભારી ગંભીરતાથી એ બંને કાનસલોનાં મુડદાંને દાટવામાં આવ્યાં. ગુસ્સે થયલી આ બંને પ્રજાઓના માગવાથી ખુન કરનાર ગુનેહગારોને પકડી ટરકીની સરકારે તારીખ ૧૬મી મેએ ફાંસી દીધા, અને પેલા મરણ પામેલા કાનસલોના કુટુંબોને ચાર લાખ રૂપિયા આપી મન મનાવ્યું. આ વખત ગભરાટ ભરેલો જોઈ કાન્સટાનટીનોપલમાં વસ્તા ઇંગ્રેજોના બચાવ અને પોતાના પુર્વ તરફના લાભો જાળવવા માટે ઇંગલાંડે પોતાનો દરીઆઈ કાફલો ડાર્ડેનલ્સની સામુદ્રધુનીના મુખે આવેલા બેસિકાના અખાતમાં મોકલી આપ્યો.

બર્લિન મેમોરેનદમ.

સાલોનિકામાં બનેલા ખુનખાર બનાવનો ગભરાટ અને ગુંચવાડો પુરા થતાંજ યુરોપના ઊત્તર તરફના ત્રણ રાજ્યોએ ટરકીના રાજકારોબાર વચ્ચે પડવાનાં છીદ્રાં શોધવા માડયાં. કૌન્ટ આનદ્રાસીનો દસ્તાવેજ નિકળ્યાં તેની આગમજ અને ટરકીમાં ચાલતા હટીલા બળવાની વેળાએજ ટરકીના સુલતાને આપોઆપ પોતાના રાજ્યમાં સુધારા કરવાની જે કબુલાતો આપી હતી તે ઉપલબંધાઈ ઉપર બેઠેલાં ત્રણ રાજ્યોની કાંઈ ગણતરીમાં ન હતી. ટરકીને નીચું પાડવાની અને તેનો નાશ લાવી તેના કટકા પોત પોતામાં વેંહેંચી લેવાની ખરાબ નીઅટા તેઓ રાખી બેઠાં હતાં. લુચ્ચાઈ ભરેલી આ ધારણાથી રૂશિયાનો પ્રિન્સ ગાર્સચેકાફ અને આસ્ત્રિઆનો ચાનસેલર કૌન્ટ આનદ્રાસી બર્લિન મધે પ્રિનસ બિસ્માર્કને મળ્યા. હિયાં તેઓએ તારીખ ૧૧મી અને ૧૨મી મેએ સાથે મસલત કરી તારીખ ૧૩મી મેએ એક સરક્યુલર ઊપજાવી કહાડયું, અને તેનું નામ "બર્લિન મેમોરેનદમ" એવું રાખ્યું. આ મેમોરેનદમ એવું કહેવા માગતું હતું કે, કૌન્ટ આનદ્રાસીના દસ્તાવેજથી સુલતાને કબુલેલા પોતાના રાજ્યના સુધારા તેના પાસ કરાવવા બાબે બોંહોંસ કરવાનો ઉપલાં ત્રણ રાજ્યોને હક છે. આ હક તેઓ ક્યાંથી શોધી લાવ્યાં તેની આપણને સમજ પડતી નથી. આવો દાવો કરી તેઓએ બતાવેલી અભિમાની કરતાં બીજું આપખુદ શું હોય! આથી કરી તેઓએ ટરકીના સુલતાનને જાણે એક ખંડીઆ રાજાની હાલતે મુકી દીધો, અને તેણે જે દોરી ધીલી મુકી હતી તેથી તેનાજ હાથ મજબુત બાંધવા તેઓ બાહેર પડયાં. આ અજબ જેવું મેમોરેનદમ વળી એવું કહેવા માગતું હતું કે, ટરકી અને તેની બળાવાખોર રૈયત વચ્ચે બે મહિનાની લડાઈથી મેહેતલ આપવી, અને તેટલા વખતમાં જે સરતો આગળ બળવાખોરોએ કરી હતી અને જેઓને આસ્ત્રિઆના કૌન્ટ આનદ્રાસીએ નાપસંદ કરી કહાડી હતી તે ઉપર તકરાર ચલાવવી. કમિશનમાં અર્ધા મુસલમાન અને અર્ધા ખ્રિસ્તીઓ નેમવા વિશેની દરખાસ્ત કૌન્ટ આનદ્રાસીએ આગળ કીધી હતી તે પાછી તાજી કરવામાં આવી, અને વધારે એવી માગણી કીધી કે, ટરકીમાં કરવા ધારેલા સુધારા બરાબર અમલમાં આવેછે કે નહીં તે વિશે તપાસ રાખવા તથા

તેને લગતા અગત્યના ઉપાય લેવા યુરોપના રાજ્યવાળાઓના કાનસલોને નેમવા. આ તે કહી તરેહની દરખાસ્તો તે વિચારી શકાતું નથી. જે રાજ્ય પોતાનું સ્વતંત્રપણું જાળવવા સામર્થવાન હતું, જે રાજ્યએ હાર ખાઈ નબળી હાલત બતાવી ન હતી, અને જે રાજ્ય જેઓ મગરૂરીથી તેના પાસ કેટલીક બાબતો કબુલ કરાવવા નિકળ્યા હતા તેઓના કશા આભારમાં ન હતું તે રાજ્ય ઉપર આવી બેદઅદબી ભરેલી માગણીઓ મોકલવામાં આવે એવું આ સુધરેલા જમાનામાં કોઈના સાંભળવામાં આજ સુધી આવેલું જણાયું નથી. વળી આ મેમોરેનદમ વધારે આપખુદ એટલા માટે ગણાતું હતું કે, યુરોપના રાજ્યવાળાઓની ખાતરી થાય તેમ ટરકી પોતાના રાજ્યમાં સુધારા કરવાના ઊપાય ન લે તો લડાઈ કરી જોરજુલમથી તે ઉપાય લેવડાવવાની ધમકી આપવામાં આવી હતી. સઘળી રીતે જોતાં આ બાબતમાં આસ્ત્રિઆએ બજાવેલો ભાગ તેને ઘણું હીણું લગાડનારો હતો. કોન્ટ આનદ્રાસીએ ટરકીને માટે જે દસ્તાવેજ કહાડયો હતો તે ફકત રૂશિયાની શિખવણીથી હતો. થોડો વખત આગમજ જે કઠણ સરતો હરઝીગોવીનિયાના બળવાખોરોએ કરવા માગી હતી, અને જે આસ્ત્રિઆએ નાપસંદ કરી હતી તેજ સરતો આ વેળા આસ્ત્રિઆ રૂશિયા સાથ મળી જઈ કબુલ કરાવવા બાહેર પડયું. હવે તેનો હમેશનો એક સરખો નિયમ કયાં રહ્યો? ટરકીને હલકું પાડવામાં આસ્ત્રિઆનો લાભ ઝાઝો ન ગણવામાં આવે તો પણ ઉતર તરફના મોટા રાજ્યમાંનાં એકસંપીલાં ત્રણ માહેલાં એક તરીકે તે રૂશિયા સાથ મળી ગયું. જર્મનીની રૂશિયાની તરફદારી કરવાની ચોકસ મતલબ શું હતી તે બરાબર માલમ પડતું ન હતું, પણ જો આખું યુરોપ લડાઇમાં ઉતરે તો તેમાંથી કેટલાક લાભ તેને સાંધવાછે એવું તો તે સમજતું હતું. ઈટાલી તો આજ કાલ એક ઉધરતું નાહાનું રાજ્ય ગણાવછે, અને તે પોતાની હાલત તરફ નજર કરી યુરોપનાં મોટાં રાજ્યો સાથ મળી જવા માગે એ સ્વાભાવીક છે. એવા હેતુથી તેણે બર્લિન મેમોરેનદમ કબુલ રાખ્યું. ફ્રાન્સ તો ઈ૦ સ૦ ૧૮૭૦માં ખાધેલી મોટી હારથી બીજા વર્ગનું રાજ્ય થઈ પડયું છે, અને તે સાથ તેની અંદરની હાલત એટલી ગુંચવાડા ભરેલી અને તેનું મન રોકનારીછે, કે જે ચીજ તે નાપસંદ કરે તેને માટે તેનાથી લડાઈ થઈ શકનાર નથી એવું ડહાપણ વિચારી તેણે પણ તે મેમોરેનદમ બાહાલ રાખ્યું. બધાતો એક મળતા થયા, પણ ટરકીના સારા ભાગ્યે આ બધા રાજ્યવાળાઓએ લીધેલો માર્ગ ઈંગ્લાંડે કબુલ રાખ્યો નહીં, અને તેથી ઉપલા રાજ્યવાળાઓની મસલત ભાગી પડી. એક રીતે જોતાં ઇગ્લાંડ પણ બીજા રાજ્યવાળાઓ સાથ સામેલ થઈ જતે તો ટરકી પોતાના મોટા રાજ્યનો ખુદ પાયોજ ધસાવી નાખવા જેવી આ માગણીઓ કબુલ કરી દેતે એ મોટા શકની વાત છે. તે પોતાની આબરૂ જાળવવા ચાહે તે કરતે, અને જીવ પટકી નાખીને અંતની ઘડી સુધી લડતે. પણ યુરોપનાં ઉત્તર તરફનાં ત્રણ મોટાં રાજ્યો જેઓ તરફથી બર્લિન મેમોરેનદમ નિકળ્યું હતું તેઓ તો એવુંજ લઈ બેઠાં હતાં કે, પોત પોતાના એકલા યા ત્રણેના સાથે જોડાયલાં બળે આખા યુરોપને તોબાહ પડાવવી અને તેને થથરાવેલું રાખવું. એ રાજ્યો પોતાનું રાખક્ષી બળ એકઠું કરી, લશ્કરી હીલચાલમાં આખાં યુરોપને ફરમાવવાનો દાવો કરી, જે દેશો પોતાના જે સારા ઉભરા અને વાજબી લાભો, ઘટતી તકરારો અને ખરા ઝગડાઓ તથા ખરી આશાઓ બાહેર પાડતા તે સઘળાંને સફળ કરવાને બદલે બિકટ કરતાં અને તેઓને તરત દાબી નાખતાં. આવી આપખુદી લઈ બેસી આ ત્રણે રાજ્યો કેવે નામે પોતાને ઓળખાવા માંગતાં? આ દુનિયા ઉપરનાં શેહનશાહી હકના રાજ્યો તરીકે નહીં, પણ ખોદાઈ હક ધરાવતાં શેહનશાહતો તરીકે! ખોદાઈ દાવો ધરાવતાં એ રાજ્યોએ એવાં સરસ કામો કરવા માંડયાંછે કે, તેઓનાં સામટાં બળથી અઢારમી સદી દુઃખ વેઠતી આવીછે, ઓગણીસમી સદી તેઓના જુલમથી સલામત નથી, કચડાઈ ગયલું પોલાંડ દેશ તેઓ ઉપર હાય મારતું બેઠુંછે, ફ્રાન્સના સ્વતંત્રપણા વચ્ચે આવી જે જે વિપત્તીઓ તેઓએ પાડીછે તેનો અપરાધ તે તેઓ ઉપર ચોંટાડેછે, ઇટાલી જે લાંબો વખત થયો વેહેંચાઈ ગયુંછે, અને પોતાનું છુટાપણું ખોઈ બેઠુંછે તે આ ત્રણ રાજ્યોની નાશકારક મિત્રાચારીની ગુવાહી આપેછે. એજ ત્રણ રાજ્યોને લીધે હંગરીના મગજમાં તેના હાર પામેલા હકોની, તેના દેશહિતકારી નરોના ખુનોની, અને દુઃખો તથા મનમારવાની ટેવથી પસાર કરેલાં સંખ્યાબંધ વરસોની યાદદાસ્ત ઘોળાયાં કરેછે. એજ ત્રણ રાજ્યોનાં પવિત્ર જોડાણની અસરથી ઇગ્લાંડનાં જાહેર માણસોની જીંદગીમાં આગળ બિગાડનો સરો પેઠો હતો. આજે બાલટિક સમુદ્રથી ડાન્યુબ નદી સુધી અને રાહીન નદીથી યુરળના પર્વતો સુધી જે છુટાપણું યુરોપ ભોગવેછે તે છુટાપણાને એ ત્રણ રાજ્યો નીભાવી ન લે તો તે કદી નીભે નહીં! ખોદાઈ હક ધારણ કરી બેઠેલાં એ રાજ્યો એટલાંથીજ ધરાયાં નથી. તેઓની સત્તા અને રાજ્યનીતિ ભૂમધ્ય સમુદ્રથી છેક એશિયાના દરવાજાઓ સુધી પંથરાઇ જાય તેમાટે તેઓ અને અગત્ય કરી તેઓનો લાયકી વાળો સાથી રૂશિયા બર્લિનના મેમોરેનદમની મારફતે તજવીજ કરવા લાગ્યો.



ત્રણ શેહેનશાહતના—ત્રણ શેહેનશાહો.

જર્મનીનો વીલિઅમ.

રશિયાનો એલેકઝાન્ડર. ઓસ્ટ્રિઆનો ફ્રાનસિસ જોસેફ.

ખોદાઇ હક ધરાવતા શેહેનશાહો.

જે ત્રણ શેહનશાહો ખોદાઇ હકનો દાવો લઇ બેઠા છે તેઓના દબદબા ભરેલા ચેહેરા આ પાસેનાં સુંદર ચિત્ર ઉપરથી માલમ પડેછે. મથાળેનો શેહેનશાહ જર્મનીનો રાજકર્ત્તા વોલિઅમ છે, તેના જમણા હાથ ઉપર રૂશિયાનો શાહ એલેકઝાન્ડર અને ડાબા હાથ ઉપર આસ્ત્રિઆનો શાહ ફરાનસિસ જોસેફ બેઠાછે.

જર્મનીનો શાહ વીલિઅમ ઈ. સ ૧૭૯૭માં જન્મ પામ્યો હતો, અને આજે એની હેંસી વરસની બુઢી ઊમર છતાં જુવાનીની ઝમક અને ધમકની કેટલીક ઝાંખી નિશાનો એના શોભીતા ચેહેરા ઊપર જાળવી રાખવા એ શકિતવાન થયોછે. બચપણથી શિપાઇગીરીમાં એને ઊધાર્યો હતો, અને ઇ. સ. ૧૮૧૩ થી ૧૫ સુધી ફ્રાન્સની સામે પ્રુશિયા જે લડાઇઓમાં ઊતર્યું હતું તેમાં એ સામેલ હતો. ઈ. સ. ૧૮૪૦થી ૪૮ સુધી પોમેરિયા પ્રાંતનો એને ગવરનર ઠરાવ્યો હતો. એજ છેલાં વરસમાં એ પોતાના દેશની રાજદરબારી સભામાં બિરાજયો હતો. એજ વરસમાં પ્રુશિયાના લશ્કરનો વડો સરદાર ઠરાવી રાજ્યમાં ફેરફાર ચાહનારાઓની બેદનવાળી ફોજ સામે એને મોકલ્યોહતો. ઈ. સ. ૧૮૬૧માં એનો ભાઇ ચોથો વીલિઅમ કોઇ પણ વારસ વગર મરણ પામવાથી એ ગાદીએ ચહડયો. ઈ. સ. ૧૮૬૬માં એણે અસ્ત્રિઆ સામે લડાઇ ઉઠાવી, અને પ્રુશિયાની નીદલગન પોતાના લશ્કરમાં દાખલ કરવાથી તેની સામે આસ્ત્રિઅનો ટકી ન શકયા તેથી તેઓએ તરત પોતાને નીચું લગાડનારી સલાહ કીધી. જર્મનીના ઉતર ભાગનાં નાહાનાં નાહાનાં બાવીસ રાજયોનો ઈ. સ. ૧૮૬૭માં એને વડો ઠરાવ્યો, અને ઈ. સ. ૧૮૭૦ માં પોતાના ખરેખરા ચપળ અને કાવાદાવાવાળા વજીર પ્રિનસ બિસ્માર્ક સાથ ફ્રાન્સ સાથની લડાઇમાં એણે શું શું કરી બતાવ્યું તે વિશે આપણે સારી રીતે માહિતગાર છિયે. ઇ. સ. ૧૮૨૯માં એ શાહ જર્મનીની શાહજાદી ઓગસ્ટા સાથ પરણયો, અને એઓને પેટે એક છોકરા અને એક છોકરીનો જન્મ થયો. જર્મનીનો શાહ વીલિઅમ રૂશિયાના શાહ એલેકઝાન્ડરનો મામો થાયછે, અને એ મામા ભાણેજ વચ્ચે ઘણી સારી પ્રિત બાઝેલી જણાઇછે.

રૂશિયાનો શેહનશાહ બીજો એલેકઝાન્ડર પોતાના કાકા પેહેલા એલેકઝાન્ડરના રાજયમાં ઈ૰ સ૰ ૧૮૧૮ના સાલમાં જન્મ પામ્યો હતો માટે, આજે એની ઊમર સાઠ વરસની હોવી જોઇયે. નાનપણથીજ એને સખ્ત લશ્કરી કવાયદમાં નાખવાથી એ કંટાળ્યો હતો, અને થોડો વખત મુસાફરીએ જઈ એણે મનને શાંતી પમાડી હતી. એ અને એના ભાઈ કાન્સટેનટાઇન વચ્ચે જબરી હરીફાઈ ચાલવી, અને રૂશિયામાંની એક રાજદરબારી ખટપટ કરનારી ટોળી કાન્સટેનટાઈનને ગાદી ઊપર લાવવાની કોસિશ કરતી જણાતી હતી. આથી એઓનો બાપ બહુ ફિકરમંદ હતો, પણ તેણે પોતાના મરણ આગમજ કાન્સટેનટાઇનને પાસે બોલાવી તેના વડા ભાઈ એલેકઝાન્ડરને ગાદીના ખરા વારેસ તરીકે કબુલ રાખવાની કબુલાત કરાવી લીધી. જયારે એલેકઝાન્ડર ગાદી ઉપર આવ્યો ત્યારે રૂશિયા જે બીજાં રાજયો સાથ લડાઇમાં ઉતર્યું હતું તે જારી રાખી પોતાના દેશની કિર્ત્તી જાળવવા એણે મક્કમપણે જાહેર કીધું. લડાઈથી ફારેગ થતાંજ પોતાનાં લશ્કરની સંખ્યા જેમ બને તેમ ઓછી કરી નાખવા તથા દેશની મેહેસુલ અને વેપાર ધંધાની હાલત વધારવાના તેણે ઉપાયો લેવા માંડયા. ઈ૰ સ૰ ૧૮૬૧ માં બે કરોડ અને ત્રીસ લાખ ગુલામગીરી ભોગવતી પોતાની રૈયતને છુટાપણું બખશી આપી પૃથ્વી ઉપર એ જાણીતો થઈ ગયો. ઈ૰ સ૰ ૧૮૬૪ માં પોલ લોકોમાં ગુલામગીરી ભોગવનારાઓનો પણ તેણે છુટકારો કીધો. ઈ૰ સ૰ ૧૮૬૬ માં રૂશિયા તુર્કસ્તાનના અમીર સાથ લડાઈમાં ઊતરી ૧૮૬૮ માં અમીરને હાર ખવાડી બોખ. શેહેર પોતાને હાથ કરવા શકિતવાન થયું હતું. અમેરિકા મધે જેટલો દેશ રૂશિયાના તાબામાં હતો તેટલો ઈ૰ સ૰ ૧૮૬૭ માં એક કરોડ ને ચાલીસ લાખ રૂપિયે યુનાઇટેડ સ્ટેટસના રાજયને રૂશિયાએ વેચી નાખ્યો. એ શાહ કેળવણીનો પુરતો ફેલાવો કરવા સઘળી યુકિતઓ કામે લગાડેછે. બે વાર એની જીંદગી લેવાની તજવીજ થઈ હતી. એક વખત સેંટ પિટર્સબર્ગ શેહેરમાં દાખલ થતાં એના ઉપર એક પિસ્તોલ ફોડવામાં આવી હતી, પણ ખુનીનો હાથ એક મજુરે ખેંચી લઈ ગોળી છટકાવી નાખી હતી તેથી પેલા મજુરને અમીર બનાવવામાં આવ્યો હતો. બિજી વાર ઇ૰ સ૰ ૧૮૬૭ માં જયારે એ શાહ પોતાના બે છોકરાઓને સાથે લઈ પારિસ મધે ત્રિજા નેપોલ્યન સાથ તેની પાદશાહી ગાડીમાં ફરતો હતો ત્યારે એક પોલે તેના ઊપર ગોળી મારી હતી, પણ પેહેલી વાર ગોળીની નેમ ચુકી જવાથી અને બિજીવાર ફોડતાં પિસ્તોલની પોકળ નળી ફાટી જવાથી શાહનો જીવ બચી ગયો હતો. ઈ૰ સ૰ ૧૮૪૧ માં એલેકઝાન્ડર હેસીની શાહાજાદી મરાયા સાથ પરણયો હતો, અને તેણીથી એના કુટુંબમાં ઘણી વરધી થઇછે. શાહ ૧૮૫૫ માં રાજગાદી ઉપર આવ્યો તેની આગમજ ઇ૰ સ૰ ૧૮૩૧ માં તે લશ્કરમાં દાખલ થયો, ૧૮૩૫ માં ગ્રાનેદીઅરને નામે ઓળખાતી લશ્કરી ટુકડીનો કરનલ થયો, અને ઇ૰ સ૰ ૧૮૪૦માં જર્મનીમાં મુસાફરી કરી આવ્યો. ઈ૰ સ૰ ૧૮૪૯ માં તે શેહનશાહી લશ્કરી શાળાનો વડો થયો, અને કોકેશયન પર્વતના લશ્કરની સરદારી ભોગવી. એ શાહની ચાલચલણ

અને પરાક્રમી આ ચાલુ લડાઈમાં વધારે જાહેર થવા લાગ્યાં છે.

આસ્ત્રિઆનો શાહ ફ્રાનસિસ જોસેફ ઈ૦ સ૦ ૧૮૩૦માં પેદા થઈ આજે અડતાળીસ વરસની ઊમરે પોહોંચ્યોછે. એના કાકા ફર્દિનાન્દે રાજગાદી છોડી દેવાથી ઈ૦ સ૦ ૧૮૪૯માં એ આસ્ત્રિઆની ગાદી ઊપર આવ્યો. ગાદી ઉપર આવતાંજ પોતાના દેશને માહોમાહેના ટંટાથી એટલું નબળું જોયું કે, પ્રજા મતથી ચાલતું રાજ્ય તેને આપવાનું તેણે તરત જાહેર કીધું. તેની સામે હંગરીમાંચાલતો બળવો રૂશિયાની મદદથી તેણે દાબી નાખ્યો, અને પોતાના કસાયલા જનરલ રાડેત્સકિની ચપળતાથી ઇટાલીને કાબુમાં રાખવા તે શક્તિવાન થયો. ઈ૦ સ૦ ૧૮૫૪માં રૂશિયાને ટરકીની સામે લડાઈમાં ઉતરતું તેણે મના કીધું, અને રૂશિયાના શાહને તેની સાથ લડાઈમાં ન સામેલ થઈ ગુસ્સે કીધો. એ શાહ ઊંચાં કદનો અને ખુબસુરત ચેહેરાનો છે જે આ પાસેના ચિત્ર ઊપરથી માલમ પડેછે. જાતે ઘણો બાહાદુર છે અને અતિઘણી બાહાદુરીનો એક દાખલો સાલફ્રાઈનોની લડાઈમાં એણે બતાવી દીધો હતો. ડયુક મેકસીમીલ્યન જોસેફની દીકરી ઈલીઝાબેઠ સાથ ઈ૦ સ૦ ૧૮૫૪માં એની શાદી થઈ. ઈ૦ સ૦ ૧૮૫૧માં એ શાહ પોતાની રાણી સાથ પોતાના તાબાના હંગરી અને ઇટાલીના મુલકમાં ફરવા ગયો, અને રાજ સામે ગુનાહ કરવા સારૂ બંદીખાને પડેલાઓને તેણે છોડવ્યા. ઈ૦ સ૦ ૧૮૬૬માં તે પ્રુશિયા સાથ લડાઈમાં ઊતરયો, પણ હાર ખાવાથી તરત સલાહ કરી દઈ પોતાના દેશના સુધારા પાછળ લાગ્યો. સુએજ કેનાલ ઈ૦ સ૦ ૧૮૬૯ માં ઊઘડી ત્યારે તેનાં મુહૂર્તની વખતે એ હાજર હતો, અને ૧૮૭૧માં તેણે જર્મનીના શાહ સાથે એક ભપકા ભરેલી મુલાકાત લીધી હતી. એનો જમણો હાથ આજે કૌન્ટ આનદ્રાસી છે, જેણે આ લડાઈના સંબંધમાં ઘણોક અગત્યનો ભાગ બજાવવા માંડયોછે.

પ્રકરણ ૨ જું.

ઇંગ્લાંડની ટરકી તરફ વળણ–બલગેરિયા પ્રાંતની ભૂગોળ અને તવારીખ–બલગેરિયાના ખ્રિસ્તીઓના જુદા જુદા પંથ–બલગેરિયાના ખ્રિસ્તીઓને ટરકીની સરકારે કરેલી મદદ–રૂશિયાની ટરકીમાં બળવો કરાવાની યુક્તિઓ–ટરકીમાં બખેડો કરાવવામાં રૂશિયાની નેમ–બલગેરિયામાં બળવો જગાવવાની ગોઠવણ–બાલકનના પહાડોના ઢળાવોનો રળીઆમણો દેખાવ–ફીલીપોપોલિસ શેહેર–ટરકીની ગાદી ઉપરથી ઉઠાડી મુકેલો સુલતાન અબદુલ અઝીઝ–બાશી બાઝુક અને સરકેશિયન શિપાઈઓ–સર હેનરી એલીઅટ–બલગેરિયનો ઊપર ચાલેલી કતલ વિશે ઇંગ્લાંડમાં ઊઠેલી ચકચાર–ટરક કમિશનરો અને મી૦ બેરીંગે કરેલી વધુ તપાસ–ટરકીની સરકારે ગુનેહગારોને કરેલી સજા.

ઇંગ્લાંડની ટરકી તરફ વળણ.

યુરોપનાં જુદાં જુદાં રાજયો પોત પોતાના લાભો જાળવવા એકબિજાં સાથ એવાં ગંઠાઈ ગયલાંછે કે, એક રાજય બિજા ઉપર કોઇપણ જાતની તરાપ મારવા માગેછે તો ત્રિજું બિજાની મદદે નિકળી આવવા તૈયાર થાયછે. ટરકીના રાજ્યને સર્વે માદું માણસ કહેછે, પણ તેઓને એટલીતો સારી રીતે ખબર છે, કે એ માદા માણસનો હિમાયતી ઇંગ્લાંડ છે. ઇંગ્લાંડ ટરકીને બચાવવા નિકળી આવેછે તેના કારણમાં એવું લઇ શકાયછે કે, ટરકીની હયાતીમાં ઇંગ્લાંડના કેટલાક અગત્યના લાભો સચવાયલા રેહેછે. જેમ ઇંગ્લાંડ ટરકી તરફ દિલસોજી ભરેલી વળણ બતાવેછે તેમ ટરકીની ખામી જોઇ કહાડવા અને તેને સુધરાવવા ઇંગ્લાંડ હમેશાં ઇનતેજાર રેહેછે. ટરકી મધે ચાલતા બળવાની વખતે એક તરફ યુરોપનાં ત્રણ મોટાં રાજયો બર્લિન મેમોરેનદમ ઘડવા પાછળ લાગ્યાં હતાં, અને બિજી તરફ ટરકીના રાજયના કારોબાર વિશે ઇંગ્લાંડમાં મોટી ચકચાર ચાલતી હતી. ટરકીનો માહેલો મામલો એટલો બગડી ગયોછે, કે તે ઉપર તેના હરીફોનું લક્ષ જરૂર ખેંચાવું જોઇયે એવી ઇંગ્લાંડ આશા રાખતું હતું. પણ ટરકીનો જબરો હરીફ રૂશિયા એકદમ ઠરાવ બરેલું થઇ પૂર્વ તરફનો સવાલ નક્કી કરવા બાહેર પડીજશે, અને તેને તેમાં છુપી રીતે ટેકો આપવા જર્મની અને આસ્ત્રિઆ જણાઇ આવશે એવી વકી ઇંગ્લાંડે રાખી ન હતી. રૂશિયા, જર્મની અને આસ્ત્રિઆના ત્રણ વખણાયલા પરધાનો ટરકીનું સત્યાનાશ વાળવાની મતલબ રાખી બર્લિન મધે ભેગા થયા તેની આગમજ ટરકીના રાજયમાં એક મોટું અને નવું તોફાન સળગવાની પેહેલવેહલી ચિણગારી જણાઇ. આ તોફાન બલગેરિયામાં જાગેલો બળવો હતો.

બલગેરિયા પ્રાંતની ભૂગોળ અને તવારીખ.

યુરોપ માહેલા ટરકી દેશ મધે બલગેરિયાનો પ્રાંત આવેલોછે. એની ઉત્તરે વોલેચિયા અને માલદેવિયા, દક્ષિણે રૂમીલિયા, પશ્ચિમે સરવિયા અને પૂર્વે કાળો સમુદ્ર, આવેલાંછે. ઊંચા ઊંચા પહાડો એને સરવિયાથી છુટું પાડેછે. બાલકનના પહાડો એને રૂમીલિયાથી તથા ડાન્યુ-

બ નદી એને વોલચિયા અને માલદેવિયાથી અલગ રાખે છે. દક્ષિણ તરફ એ પ્રાંત જંગલથી અને ફળફળાદિથી ભરપુર થઇ ગયલોછે, પણ ઊત્તર તરફનો એનો ભાગ પહાડી અને કેટલોક વેરાન છે. સણ, ચામડાં, શિંગડાં, ઘર બાંધવાનાં લાકડાં અને અતર બનાવવાના ગુલાબની એ મધે પેદાસ છે ઉનનાં કપડાં, સફાઇદાર ચામડાં તથા બંદુકોની નળી બનાવવાનાં હિયાં કારખાનાંઓ છે; પણ એની વસ્તીનો મોટો ભાગ ગરીબ અને નિર્દોષ ખેડુતોનો છે તેથી મોટાં પ્રમાણમાં હિયાં વેપાર ચાલી શકતો નથી, અને કારખાનાં વધી શકતાં નથી. જે ટોળાનાં લોક રૂશિયનો ગણાયછે તે ટોળામાંથી બલગેરિયનો નિકળેલાછે, માટે એઓની તરફ રૂશિયનોનું ખેંચાણ છે એવું હમેશાં જણાવવામાં આવેછે. બલગેરિયાના પ્રાંતની વસ્તી આસરે તીસ લાખ માણસોની ગણાયછે. વોલગા નદીના કિનારા ઊપરથી ફીન્સ લોકો એવા નામે ઓળખાઈ એઓ બલગેરિયામાં આવી વસ્યા હતા. પેહેલાં તો બલગેરિયાના રાજા ગ્રિક શેહેનશાહોને ખંડણી આપતા હતા, પણ ઇ૦ સ૦ ૧૧૮૫માં તેઓએ પોતાનું સ્વતંત્રપણું મેળવ્યું હતું. વખત જતે ટરકી લોકોનું બળ વધવાથી ઇ૦ સ૦ ૧૩૯૨માં બલગેરિયા ટરકીનાં રાજયને તાબે થયું. બલગેરિયા પ્રાંતમાં કોઇ ફરવા નિકળે તો તેના કસબાઓનો દેખાવ અર્ધો પૂર્વ તરફ અને અર્ધો પશ્ચિમ તરફની પ્રજાઓના શેહેરોના જેવો લાગે. એ મધેની વસ્તીનો ત્રીજો ભાગ મુસલમાન છે. એની જમીન એવી રસાળ અને એના રહેવાસી એવા સુખવાસી જણાયછે કે, રૂશિયા જેમ હમેશાં ફરીઆદ ઉઠાવતું આવ્યુંછે તેમ એના ખ્રિસ્તી રહેવાસીઓ ઉપર તેઓના મુસલમાન રાજય કર્તા તરફથી જુલમ પડેલો લાગતો નથી.



ગ્રીક ચર્ચનો ધર્મ પાળનાર બલગેરિયાનો એક પાદરી.

બલગેરિયાના ખ્રિસ્તીઓના જુદા જુદા પંથ.

બલગેરિયાની વસ્તીનો મોટો ભાગ ખ્રિસ્તીઓનો છે ખરો, પણ તેઓમાં ધર્મ સંબંધી તડાં પડી ગયલાં હોયછે. જયારે ટરકોના તાબામાં બલગેરિયનો આવ્યા ત્યારે તેઓ ગ્રિક ચર્ચના પંથ માફક ધર્મનાં ફરમાનો કબુલ રાખતા હતા. ગ્રિક ચર્ચવાળા પંથનો એક વડો ધર્મગુરૂ જે કાન્સટાનટીનોપલ ખાતે રહેતો હતો તેની સત્તા નીચે તેઓ ઈ. સ. ૧૭૬૭ માં આવ્યા. આથી ગ્રિક ચર્ચવાળાઓનો મોટો દાર બલગેરિયનો ઉપર ચાલવા લાગ્યો, જેનું પરિણામ એવું નિપજયું કે, જેમ બલગેરિયનો મુસલમાન ધર્મવાળાઓને ધિક્કારતા તેમ પોતાના ખ્રિસ્તી ભાઇઓને પણ ધિક્કારવા લાગ્યા. વળી રૂશિયનો કાંઇ એવું અભિમાન રાખતા કે સ્લાવ ટોળામાંથી બલગેરિયનો નિકળ્યાછે ખરા, પણ તેઓની માફક ઊંચી જાતના તેઓ નથી. આ જાતનો તાણો બલગેરિયનો સ્વાદથી ગળી જતા ન હતા. કોઇ કોઈવાર એવું બનતું હતું કે પોતાના ખ્રિસ્તી ભાઇઓના જુલમથી ત્રાસ પામી તે જુલમથી છુટવા બલગેરિયાના ખ્રિસ્તીઓ પોતાના મુસલમાન રાજય કર્તાઓ પાસે મદદ માગતા, અને તે તેઓને આપવામાં પણ આવતી હતી. ગ્રિક ચર્ચવાળા એટલી સત્તા ધરાવી બેઠા હતા કે બલગેરિયાના ખ્રિસ્તીઓ જે ભાશા બોલતા તે બંધ કરાવી પોતાની ભાશા બોલવાની તેમને ફરજ પાડી હતી. પણ ઇ. સ. ૧૮૪૦ અને ૪૫ની વચ્ચે બલગેરિયનોએ એ પ્રકારની ગ્રિક ચર્ચવાળાઓની સત્તા તોડી, અને પોતાના કેળવણી ખાતાંઓમાં પોતાની ભાશા પાછી દાખલ કીધી, અને તેમ કરવાથી કેળવણીના સંબંધમાં પોતાના દેશમાં ઘણો ફેલાવો કરવા તેઓ શક્તિવાન થયા. ઈ. સ. ૧૮૬૦ માં તેઓએ કા-

ન્સટાનટીનોપલમાં વસ્તા ગ્રિક ચર્ચવાળા વડા ધર્મગુરૂની સત્તા પોતાની ઊપરથી તદન કહાડી નાખી અને પોતાનું ખુદ એક દેવલ સ્થાની ધર્મને લગતી સત્તા પોતાના હાથમાં લીધી. બલગેરિયનોનાં સારાં નસીબ કે આવી રીતની છુટ ટરકીના રાજ્યમાં રેહેવાથી તેઓ લઇ શકયાછે. જો તેઓ રૂશિયાના રાજ્યમાં હતે તો તેમ કરવું ઘણું કઠણ કામ થઇ પડતે, કારણ રૂશિયાના અમલ તળે જ્યાં જ્યાં બલગેરિયનોએ એવા પ્રકારની છુટ લેવાનું પગલું ભરયુંછે ત્યાં ત્યાં તે તરત અટકાવી દેવામાં આવ્યુંછે. રૂશિયનો બલગેરિયનો તરફ સરખાપણાથી અને સારાં દિલથી વર્તત્તા જણાયા નથી, પણ પોતાના હાથમાં હથિયાર તરીકે સમજી તેઓએ પોતાની મરજી માફક બલગેરિયનોનો ઉપયોગ કીધોછે.

બલગેરિયાના ખ્રિસ્તીઓને ટરકીની સરકારે કરેલી મદદ.

બલગેરિયનો ધર્મ ઉપર ઘણા ચુસ્ત રહેનારા લોકછે. ધર્મની આગળ તેઓ બીજી બધી બાબતો ઊતરતી ગણે છે. ગ્રિક ચર્ચવાળો ખ્રિસ્તી ધર્મ જે રૂશિયા પાળેછે તેજ પેહેલાં બલગેરિયા પણ પાળતું હતું, પણ પાછળથી તેમાં પ્રોટેસ્ટંટ અને રોમન કાથલીકવાળાઓનો ધર્મ પાળનારા ઊભા થયા. જુદા જુદા પંથમાં ખ્રિસ્તી ધર્મ પાળનારો પોતાની બલગેરિયન રૈયત તરફ ટરકીની સરકાર રહેમની નજરથી જોતી આવીછે, અને તેઓ સર્વને ધર્મને લગતું સઘળું છુટાપણું તેણે આપ્યુંછે. ઈ૦ સ૦ ૧૮૭૦ માં જ્યારે ટરકીની સરકારે એક હુકમનામું કહાડી બલગેરિયનોને કાન્સટાનટીનોપલ ખાતે વસ્તા ગ્રિક ચર્ચના વડા ધર્મના ઉપાધ્યાથી છોડવ્યા ત્યારે બલગેરિયનો એ સરકાર ઊપર બહુ પ્રસન્ન થઈ ગયા, અને તેના તરફ પોતાની નિમકહલાલી દેખાડવા તૈયાર થયા. ટરકીની સરકાર તરફથી આ હુકમનામું બાહેર પડતાંજ બલગેરિયનોએ માહોમાહે એક પત્ર ફેરવી જાહેર કીધું કે, "આટલાં બધાં દુઃખો અને વિઘ્નો પસાર કરવા બાદ, દશ દશ વરસની અથાગ મેહેનતથી ભરેલી તજવીજો કરવા પછી આપણા બાપદાદાઓની લાંબા વખતની ઇચ્છાઓનો અને એક દુઃખી પ્રજાની જેહેમત અને ધીરજનો બદલો આજે મળેલો આપણે જોઇયે છિયે. એ બદલો આપણે માથે રાજ કરતી વડી શેહેનશાહી સરકારના ખરા અભિપ્રાય અને અદલ ઈનસાફી હુકમથી મળ્યોછે. જે સવાલ પાછળ આપણે આપણી સઘળી યુકિતઓ કામે લગાડી, અને આપણું ચિત્ત રોકેલું રાખ્યું તે સવાલનો મનમાનતો ચુકાદો ટરકીની સરકાર તરફથી થયો એજ બાબત એ સરકારની આપણા તરફ પ્રિત અને સારી ઇચ્છાની સાબેતી છે. એ સરકાર આપણને પોતાની નજદીકની સંભાળ અને બચાવ તળે રાખવા માગેછે તેની આ દેખીતી ગુવાહી છે, અને એ સરકાર આપણ બલગેરિયનોને પોતાની ખરી રૈયતને દરજજે પોહોંચાડેછે તેનાં આ સાબીત ચિન્હો છે." આવા સારા વિચાર ધરાવો બલગેરિયનો ટરકીની સરકાર સામે બેદિલ કેમ હોય તે વિચારી શકાતું નથી.

રૂશિયાની ટરકીમાં બળવો કરાવવાની યુકિતઓ.

આવી રીતે એક તરફ બલગેરિયનો ટરકીનાં રાજય તરફ ખેંચાયલા હતા, અને બિજી તરફ રૂશિયા તેઓને બેદિલ બનાવી પોતાની તરફ ખેંચી લેવાની તજવીજ કરતું હતું. તે બળગેરિયાના નાહાના છોકરાઓને બોલાવી ઓદીસા અને નીકોલફની નિશાળોમાં તેઓને એવી પ્રકારની કેળવણી આપતું, કે તેઓ મોટા થતાજ ખરા રૂશિયનો તરીકે પોતાના વતનમાં પાછું ફરતાં કામ કરી શકે. વળી ઈ૦ સ૦ ૧૮૧૨માં બુખારેસ્તના કોલકરારો કરતાં રૂશિયાએ ટરકોની ગ્રિક ચર્ચનો ધર્મ પાળનારી રૈયત ઊપર પોતાનું મુરબ્બીપણું અને બચાવ કરવાનો હક ટરકી પાસથી કબુલ કરાવી લીધો હતો, યાને તે પછી બલગેરિયા અને બીજા પ્રાંતોમાં તે ધર્મ સંબંધી બાબતમાં પોતાની સત્તા વધારતુંજ ગયું હતું. ઈ૦ સ૦ ૧૮૬૭માં ભુમધ્ય સમુદ્રમાં આવેલાં ટરકીના તાબાના ક્રીટ નામનાં ટાપુમાં બળવો થયો ત્યારે રૂશિયાએ અતિઘણી કરપીણ ચાલના ઘણાક ગ્રિકોને ફિતૂર કરાવવા બલગેરિયામાં મોકલી આપ્યા. આ ગ્રિકોની લગભગ જંગલી અને ક્રૂર ચાલથી બલગેરિયનો એટલા કંટાળી ગયા, કે તેઓએ એ લોકોને પકડી ટરકીની સરકારને સ્વાધીન કરી દીધા. એવા લોકોને વોલેચિયાના પ્રાંતમાં આવેલાં બુખારેસ્ત શેહેરમાં રૂશિયા તરફથી મળતી છુપી મંડળીએ એવું સમજાવી મોકલયા હતા કે, ટરકીની સરકાર સામે બળવો કરવા તેની ખ્રિસ્તી રૈયત તૈયાર છે. પણ આ સમજાવટ એ માણસોને પાછળથી તદન ખોટી માલમ પડી. એવા માણસોના એકને ટરકીની સરકારે ફાંસો દીધો તે વખતે તેનાં ગજવામાંથી ઉપલી છુપી મંડળી ઉપર લખેલો એક કાગજ મળી આવ્યો. એ કાગજમાં લખેલું હતું કે, "હમોને ખોલ્લાં મેદાનમાં ગોળીથી મારી નાખવામા આવેછે; પહાડોમાં ભરાઈ રહી હમોને ભુખું મરવું પડેછે, અને સરકારને શરણ થયા વિના હમારો કાંઈ ચારો રહેતો નથી. અરે શું એવી રીતે તમો એક પ્રજાનું ભવિશ ખોલવા અને લોકાના ભલાને અર્થે કામ કરવાનું ડોળ ઘાલોછો કે? સુધારા અને વધારાને નામે તમો જે પવિત્ર કામ કરવા નિકળ્યાછો તે આકે?



બલ્ગેરિયાનો એક જહનુની પાદરી મુસલમાન લોકો સામે બળવો કરવા ખ્રિસ્તીઓને ઊશ્કેરેછે.

તમારી મોહોકાણે મારી માલમતા તારાજ થઇ ગઇ, મારૂં ઘર ઊજડ થઇ પડ્યુંછે, અને થોડા વખતમાં મારી ભર જવાનીમાં મારો સંતાપ ભરેલો ભોગ મને આપવો પડશે. ઓ તમો અને તમારી સાથ જેઓ સામેલ છે તેઓને ખોદા નાબુદ કરી નાખે! તમોએ જેઓના કીમતી ભોગ લીધાછે તેઓને જે સજા થનારછે તેથી અતિઘણી ભારી સજા ખોદા તમોને કરજો!"

ટરકીમાં બખેડો કરાવવામાં રૂશિયાની નેમ.

જ્યાં જ્યાં સ્લાવ ટોળાનાં લોકો વસતાં હોય ત્યાં ત્યાં તેઓ ઊપર જુદી જુદી રીતે લાગવગ ચલાવી તે સઘળાંને ભેગાં કરી તેઓ સર્વ ઉપર એકહાથે રાજ ચલાવવું એવી રૂશિયાના ઝારોની, તેઓના પરધાનોની અને તેઓના લોકોની આજે નહીં, પણ રૂશિયાના પ્રસિદ્ધ થઇ ગયલા ઝાર પિટર ધી ગ્રેટના વખતથી નેમ છે. રૂશિયા, આસ્ત્રિઆ, પોલાંડ, જર્મની અને ટરકીના ભાગો મળી જેટલા સ્લાવ લોકો વસેછે તેટલાની એકંદર સંખ્યા લગભગ નવ કરોડ માણસોની થઇ શકેછે, અને એ બધાં ઉપર રૂશિયા હાકમી ભોગવવા માગેછે. એ માટે ટરકી માહેલા પ્રાંતો હરઝીગોવીનિયા, બોસનિયા, મોનટીનિગ્રો, સરવિયા અને બલગેરિયાને રૂશિયા હાથ કરી લેવા ચાહેછે, અને તે હાથ આવતાં કાન્સટાનટીનોપલ ઊપર તરાપ મારવાનું તે સેહેલ સમજેછે, અને ટરકીનું એ પાયતખ્ત શેહેર હાથમાં લઇ પૂર્વ તરફના મુલકોની સરદારી અને ભૂમધ્ય સમુદ્ર ઊપર વધારે સત્તા ચલાવવા તે ઇચ્છેછે. આ સઘળું રૂશિયાના હાથમાં આવે તો તેનુ બળ કેટલું મોટું ગણાય તે વિચારવું જરા કઠણ લાગેછે. પણ રૂશિયા જે ચાહેછે તે સેહેલાઇથી મળી જાય એવું નથી, માટે પોતાની નેમ પાર પાડવા તે સીધે યા આડે માર્ગે તરેહવાર યુક્તિઓ કરતું રહ્યુંછે. પોતાનો લોભ, પોતાની લુચ્ચાઇ અને પોતાની ખરાબ નેમ લોકોનુ ભલું કરવાનાં ખોટાં બાહાનાંમાં તે છુપાવેછે; અને પોતાનું બોલેલું બજાવી દેખાડવા ગમે એટલાં માણસોની જીંદગી લેવામાં તથા ગમે એટલાંનાં સુખ અને માલ મિલકતની ખરાબી કરવામાં તે ઇનસાફ અને વાજબીપણું સમજેછે, અને તેમજ સર્વેને સમજાવેછે. રૂશિયાનો આ હલકી મતલબ પાર પાડવા ટેકા તરીકે ઘણીક છુપી મંડળીઓ ઉભી થયલીછે, જેઓ પુષ્કળ નાણું ગુમાવી બેહદ મેહેનત કરી, તરેહવાર કાવાદાવા રચી પારકાં રાજયોમાં જ્યાં જ્યાં સ્લાવ લોકો વસેછે ત્યાં ત્યાં બળવો સળગાવેછે. બલગેરિયા આવી છુપી મંડળીઓનાં કાળાં કરતુકોથી તોફાનનાં વમળમાં પડેલું હતું તે વેળા મીદાત પાશા કે જે આ જમાનામાં ટરકીના સંબંધમાં સારી રીતે જાણીતો થઇ ચુકોછે તે તેનો ગવરનર જનરલ હતો. એની હકુમત હેઠળ બલગેરિયાનાં લોક સુખચેનમાં રેહેતાં અને તેમાં વધારો કરવાની આશા રાખતાં. એણે બલગેરિયામાં લોકોના વેહેવારમાં સગવડ કરવા ઘોરી રસ્તાઓ બાંધ્યા, લુટારાઓનો દોર તોડયો, અને રૈયતનું ભલું કરવા માટે ઘણાંક તારીફ લાયક કામો કર્યાં. હરઝીગોવીનિયામાં બળવો જાગ્યો ત્યારે એ પ્રાંત તદન શાંત અને સુખી હતો. ડેલીન્યુઝ પત્રવાળો હમેશાં ટરકીની સામે લખાણ કરનારોછે તેના એક ખબર પત્રીએ પણ બલગેરિયામાંથી લખી વાળ્યું કે, "બલગેરિયનો એવી સારી હાલતમાં રહેછે કે, રૂશિયનોએ તેવી કદી આશા રાખી ન હોય. બલગેરિયાનો ખેડુત રૂશિયાના ખેડુત કરતાં ચહડતી કળામાં, સુખમાં અને કાંઇક પુંજી ધરાવવામાં ચહડતો છે, અને દરએક બલગેરિયાનું ગામડું ગાય, ઢોર, મેઢાં, બકરાં અને તેઓને ચરવાના ચારાથી ભરપુર હોયછે." આ બધાં વિશે રૂશિયા માહિતગાર પણ હોય, પણ પોતાની ધારેલી નેમ પાર પાડવા સારૂ તે હમેશાં ટરકીની સામે સહરાવેલા હેવાલો બાહેર પાડવા જરાપણ ચુકતું નથી. વળી બળવાનું ભડકું વધારવામાં અને સળગાવવામાં મદદ કરનાર ધર્મના પાદરીઓ જગો જગોએ મળી આવે છે. આ પાસેના ચિત્રમાં જેમ નજરે પડેછે તેમ અતિઘણા જહનુનથી તથા દ્વેશભાવથી એ પાદરીઓ ખ્રિસ્તી ધર્મ પાળનારાઓને તેઓના મુસલમાન રાજ્ય કર્તાઓ સામે ઊશ્કેરેછે. આવી ઉશ્કેરણીથી ઘણાક ધર્મને ખાતર પોતાના જીવ આપવા અને ઘણાક પૈસા ખરચી નાખવા તૈયાર થાયછે. આ સઘળાં ઉપરથી જોઈ શકાયછે કે, ટરકીના રાજ્યમાં તોફાન મચાવનારા ત્રણ આવેસો સાથે જોડાયલાછે. એ ત્રણ જોસા રૂશિયાની રાજનીતિ, રાજ્યના ફેરફારમાં નિરાંત પામવાની અને મજા મેળવવાની રૂશિયનોની ટેવ અને સ્લાવ ટોળાના લોકોનું ધર્મ ઉપર ચુસ્તપણું છે. તોફાનો વધારવા અને ઉભાં કરવા રૂશિયા નાણાં તથા હથિયારની મદદ બલગેરિયનોને માટે મોકલે છે એવું યુરોપના બીજા મોટા રાજ્યવાળાઓ પણ જોઈ શકતા હતા. કૌન્ટ આનદ્રાસીની જગાએ ઈ. સ. ૧૮૭૦ સુધી કૌન્ટ બ્યુસ્ત હતો તેણે પોતાનું સાફ મત જણાવી દીધું હતું કે, રૂશિયા એવી ચાલ ચલાવતું નથી કે જેથી યુરોપમાં સલાહસપેજ જળવાઈ રહે. આસ્ત્રિઆનો આગલો ચાનસેલર પોતાના અદલ અને સ્વતંત્ર વિચારો જણાવી બીજાઓની વખાણને લાયક થઇ ગયોછે ત્યારે હાલનો ચાનસેલર કૌન્ટ આનદ્રાસી રૂશિયાની ખુસામત કરી અને તેના હાથમાં હથિયાર થઈ પડી લોકોનું હલકું મત હાંસલ કરી બેઠોછે.


બલગેરિયામાં બળવો જગાવવાની ગોઠવણ.

બલગેરિયાનાં ગરીબ અને તોફાન કરવા કંટાળતાં લોકોને જયારે ખટપટીઓ એવી ખાતરી આપવા લાગ્યા કે, પારકાં રાજયો તરફથી નાણાં અને હથિયારોજ નહીં, પણ મદદમાં લશ્કરી શિપાઇઓ મોકલવામાં આવશે ત્યારે તેઓ ફિતૂર કરવા ઉશ્કેરાયાં. ઉશ્કેરાયલાં મગજોને પુરે પુરાં ગરમ કરી નાખવા વધારે એવું કહેવામાં આવ્યું કે, બળવામાં જેઓનાં ઘરબાર, ખેતરો અને ગાયઢોર તારાજ થઇ જશે તેઓનો ખોટ પુરી આપવા રૂશિયાથી સોનાની ભરેલી પેટીઓ ચાલી આવશે. આ સઘળી પ્રકારની ઊશ્કેરણી કરનાર છુપી મંડળીઓ પોતાનું ખાસ મથક બુખારેસ્ત ખાતે કરી બેઠી હતી, અને જયાંથી ચોતરફ સંદેશા ચલાવવાનું તેઓને ઘણું સેહેલ પડતું હતું. બળવો સળગાવનાર પેહેલા આગેવાનો એપ્રિલ મહિનાનાં પેહેલાં અડવાડીયામાં બલગેરિયાનાં એક ગામડાંમાં મળ્યા, અને ત્યાં આ નાશકારક તોફાનોની સઘળી રચના રચી તેઓએ એવું નક્કી કર્યું કે, મુસલમાનોને કતલ કરવા, જેમ બની આવે તેમ આગગાડીના રસ્તા ભાગીતોડી નાખવા, આદ્રિયાનોપલમાં સો અને ફીલીપોપોલિસમાં પચાસ ઠેકાણુંઓ ઉપર આગ લગાડવી, ગામડાંઓ મોટી સંખ્યામાં લૂટવાં અને બાળી નાખવાં, જે જે અગત્યનાં મથકો હોય તે તે હાથ કરવાં, તાતાર બાઝાર્ડઝીક ઉપર ત્રણ હજાર માણસો સાથ હુમલો કરવો, સરકારી વખારોનો માલ હાથ કરવો, સર્વ ઠેકાણે એકજ વખતે સામટો બળવો સળગાવવો, અને જે બલગેરિયનો બળવામાં સામેલ ન થાય તેઓને તેમ કરવા જોર જુલમથી યા ધમકીથી સામેલ થવાની ફરજ પાડવી. આ સઘળી રચના પુરેપુરી કરવામાં આવે તેની આગમજ તારીખ પેહેલી મેએ તેની અધુરી શરૂઆત કરવાની ફિતૂરીઓને જરૂર પડી; કારણ કે ટેટેકો નામના એક આગેવાન બળવાખોરને આ કામ પસંદ ન આવવાથી તેણે બળવાખોરોની સઘળી હાલચાલ ટરકીની સરકારને જાહેર કરી દીધી. ટેટેકોના કહેવા ઉપર ઈતબાર મુકી બલગેરિયાના હાકેમે આખમેટ આગાને ઓટલુકયુઆઈ અને નેડજીબ આગાને આવરાત–આલાન ખાતે રવાના કીધા. એ બંને અમલદારો પોલિસ માજીસતરેટો હતા, અને બંને સાથે કાન્સટેબલોની ટુકડીઓ હતી. તારીખ પેહેલી મેએ નેડજીબ આગાએ બળવાના કાંઇક ચિન્હો દેખાતાં બે બળવાખોરોને પકડી બંદીખાનામાં નાખ્યા. બળવાની મસલત પકડાઇ આવી એવું જોઇ ફિતૂરીઓના આગેવાનોએ એકદમ હુલડ કરવા પગલું ભર્યું, અને પેલા બે કેદ નાખેલા ફિતૂરીઓનો છુટકારો કરાવવા તેઓ દોડયા. તેમાં ફતેહ ન પામવાથી તેઓએ નેડજીબ આગા સાથની પોલિસની નાની ટુકડી ઉપર ધસારો કીધો. આ ટુકડી પાસ હથિયારો ન હોવાથી તે બળવાખોરોના હથિયારોને ભોગ થઇ પડી, અને નેડજીબ આગા ઘાયલ થઇ નાઠો. આ બનાવની ટરકીની સરકારને ખબર પડતાંજ તેણે ફીલીપોપોલિસ આગલ તૈયાર રાખેલાં લશ્કરને આવરાત આલાન અને તેની પાસેના તાલુકાઓમાં કુચ કરી જવાનો હુકમ આપ્યો. પણ આ લશ્કર જઇ પોંહોચે તેની આગમજ કેટલાક મુસલમાનોને ઘણા ઘાતકી પણે કાપી નાખવામાં આવ્યા. બાહેરથી મદદ આવી લાગે તેટલાં ટરકીના લશ્કરી શિપાઇઓને આગળ વધતા અટકાવવાને બળવાખોરોએ જુદાં જુદાં છઠેકાણાંઓ ઉપર પોતાનાં માણસો રાખી ત્યાં બચાવનાં બાંધકામો ઊભાં કરી દીધાં. સરકાર પાસ તરતવેળા કવાયદ પામેલા માણસો ન હોવાથી ફીલીપોપોલિસ અને બાઝાર્ડઝીકમાં રૈયતમાંના જવાન માણસોને હથિયાર આપી બળવાખોરોને કચડી નાખવાના ઉપાય લેવામાં આવ્યા. આ રીતે ટરકીની સરકાર તરફથી ચાંપતા ઉપાયો લેવામાં આવેછે એવી ખબર ફેલાતાં મોટાં શેહેરોની આસપાસ બળવાનું જોર દબાઇ ગયું, પણ નાહાનાં નાહાનાં ગામડાંઓમાં લશ્કર જઇ ન પોંહોંચવાથી તેનું જોર તરત નરમ પડયું નહીં.

બાલકનના પહાડોના ઢળાવોનો દેખાવ.

જયારે પારવિનાની મેહેનતે અને કાળજીએ ખ્રિસ્તી બળવાખોરોને નરમ પાડવામાં આવ્યા ત્યારે મુસલમાનો પોતાના જાતભાઇઓ ઊપર પડેલાં સંકટથી એટલા ઉશ્કેરાઈ ગયા કે તેઓ હાથમાં રહી શકયા નહીં. ખ્રિસ્તીઓ ઉપર વેર લેવાની જગ્યા બાલકનના પહાડોના દક્ષિણ ઢળાવો મુસલમાનોએ પસંદ કીધા. આ જગ્યાએ બાલકનના પહાડોની ખડકવાળી ઊંચી ટોંચો હારબંધ નિકળી આવેલોછે. એજ જગ્યાએ સાંકડી ખીણો આંખોને ઝાંખી કરી નાખે એવા ગંભીર દેખાવથી લંબાયલી છે. બલગેરિયાની સીમા ધ્યાનમાંલઇયે તો આ પહાડી ભાગ એ પ્રાંતમાં નહીં, પણ રૂમીલિયામાં ગણાય, પણ હિયાં વસતાં લોકો ઘણુંખરાં બલગેરિયનો હોવાથી એ જગ્યાને હિયાં વસનારાં લોકોનાં નામ ઉપરથી ઓળખવામાં આવેછે. આ પહાડી અને ગીચ જંગલથી ભરાઈ ગયલા ભાગમાં ખુદરત તેના સઘળા સુંદર દેખાવો સાથ જેવી દીસી નિકળેછે તેવી યુરોપના ઘણાજ થોડા ભાગોમાં તે દેખાવ કરતી હશે. માણસ જાતની વસ્તી વિના જે જગ્યા જેવી જંગલી અને તદન એકાંત હોયછે તેવો આ જગ્યાનો મોટો ભાગ નજરે પડેછે. પહાડી

શિખરો, ઊંચા મિનારા અને કંગુરાઓના રૂપમાં સાંકડી ખીણો ઊપર દબદબાથી ઊભાં થઈ પોતાનાં રૂપનો કાળો છાયો પોતાના પગ તળે લંબાયલી ખીણમાં નાખેછે તેથી સાંકડી અને કાળા દેખાવની ખીણનો સામટો દેખાવ વધારે કાળો વધારે ગંભીર અને વધારે દબદબા ભરેલો થઈ પડેછે. એક તરફ શાંત અને મન ઉપર શાંત ભય પેદા કરનાર ચિતાર તો બીજી તરફ નજર ફેરવતાં નિર્દોષ અને સાદા દેખાવના ભોળા ખેડુતોથી વસાયલા એક ભાગનો જીવને લેહ પમાડનાર દેખાવ હાજર થાયછે. પહાડોની કાળી બાજુઓ ઉપરથી કાળા ધુવાડાના ધોધવા ને ધોધવા ફુટી નિકળી એવી ખબર આપેછે કે, ત્યાં પહાડી દેવાલો, ગીચ જંગલો અને વેરાન માર્ગોથી જુદા પડી કેટલાંક નાહાનાં અને એકાંત ગામડાં વસાયલાં છે. કુદરતી ખુબસુરતીથી દીપતી, લીલી હળીઆરીથી હસતી અને કંજર જેવા લીલા રંગથી આંખને થડક આપતી વનસ્પતિથી ભરપુર ખીણો હિયાં ખીલી રહીછે, અને જયારે તેઓ વચ્ચે ચકચકીત રૂપાના કોઈ ઊચી જગા ઉપરથી ગબડી પડતા લાઠાઓની પેઠે સ્વચ્છ પાણીનાં ઝરણો ભેગાં મળી જોસથી દોડેછે ત્યારે એ ખીણનો દેખાવ એવો મનમોહન થઈ રહેછે કે તેનો કશો પાર રહેતો નથી. હિયાં બાલકનના પહાડોની ફાંટમાં ભરાઈને આસરો પામી બેઠા હોય તેમ કેટલાક નાહાના કસબા વસી રહયાછે. હિયાંનાં લોક આગલા જમાનામાં પોતાની હદ પસાર કરી બાહેરની દુનિયા સાથ કાંઈ પણ



રૂમીલિયામાં આવેલું ફીલીપોપોલિસ શેહેર.

વેહેવાર રાખવા શકિતવાન થયાં હોય એવું જણાતું નથી. એ કસબાઓમાં ઘણી અગત્ય ધરાવનાર, અને જેમાં બળવો તેના પુરનાં બળ સાથ ચાલી રહયો હતો તે કસબા તાતાર બાઝાર્ડઝીક, ફીલીપોપોલિસ અને એશકી-શાગરા છે.

ફીલીપોપોલિસ શેહેર.

આ ઊપરના ચિત્રમાં ફીલીપોપોલિસ શેહેર બતાવ્યુંછે. રૂમીલિયા પ્રાતમાં એ શેહેર આદ્રિયાનોપલથી છન્નું માઇલને છેટે આવેલુંછે. ઇ. સ. ૧૮૧૮ માં

એક ધરતીકંપથી એનો ઘણોક ભાગ નાશ પામ્યો તેની આગમજ એ શેહેરની હાલત ઘણી સારી હતી. એ મધે કેટલીક મસજીદો તથા દેવળો હાલ નજર પડવાથી એ કોઈ મશહૂર શેહેર જણાયછે. એ શેહેરમાં ઉન, રેશમ તથા સુતરાઊ કપડાં, તમાકુ, સાબુ અને ચામડાં બનેછે. હાલ એ મધે ચાળીસ હજાર માણસની વસ્તી છે. એ મધે ચાર હજાર માણસો ઈ. સ. ૧૭૫૦ ના સાલમાં થયલા ધરતીકંપથી મરણ પામ્યાં હતાં. એ શેહેર મધે ચાલતા સોક્કાઓમાં એક સીક્કો છેક યુનાન દેશના આગલા જમાનાઓના રાજા ફીલિપના વખતનો માલમ પડવાથી એ શેહેર ઘણું પુરાતમ વખતનું હશે એવું ધારવામાં આવેછે. બળવાખોર પ્રાતમાં એ શેહેર આવવાથી આ સદીમાં તે જાણીતું થઈ ગયુંછે. એનો ઘણોખરો દેખાવ પૂર્વ તરફના કોઈ શેહેરના જેવો લાગેછે.



આપઘાત કરી મરણ પામેલો ટરકીનો
સુલતાન અબદુલ અઝીઝ.

ટરકીની ગાદી ઊપરથી ઊઠાડી મુકેલો સુલતાન અબદુલ અઝીઝ.

જે વેળા હરઝીગોવીનિયામાં મોટો ગભરાટ મચી રહયો હતો અને જે વેળા બલગેરિયામાં બળવાનાં ભડકાં લાગી રહયાં હતાં તે વેળા ટરકીના નાણાં સંબંધી ગુંચવાડા સાથ તેનો રાજકર્ત્તા નબળા મનનો અને ખરાબ લખમાં પડેલો માલમ પડયો. એ રાજકર્ત્તા અબદુલ અઝીઝ હતો. જે વખતે બીજા રાજના ખટપટીઓથી ઘણું બીહીવાનું હતું તે વખતે એ સુલતાન કાવાદાવાવાળા પારકા રાજદરબારીઓને આધારે મુકાઈ ગયો હતો. સૌને જાણીતો થયલો રૂશિયાનો ચપળ મનનો રાજદરબારી પેલો જનરલ ઇનેતીફ આ વેળા ટરકીની દરબારમાં રૂશિયાના રાજયના એલચી તરીકે રહેતો હતો. એ એલચી શિપાઇગીરીમાં બાહોશ, મિજાજમાં હસમુખો, તાલમેલવાળો અને અદબ અદાથી ભરેલો જણાયલોછે. એ ગંભીર ચેહેરાના અને આળસુ થવાની ટેવ રાખતા ટરકોને ખુશી કરવા તથા નબળા મનના સુલતાનને પોતા વિશે સારું મત બેસાડવા શક્તિવાન થયો. સુલતાનને તેની કેટલીક બદીઓમાં ઉત્તેજન આપનાર અને તેની પાસ કેટલાંક રૈયતની ખરાબીનાં કામો કરાવનાર જનરલ ઇનેતીફ હતો એવું ઘણાક માનેછે. આમ કરાવવાનો તેનો મુખ્ય મતલબ એ કે, ટરકીનું સત્યાનાશ વાળી રૂશિયાના લાભ જાળવવા. સુલતાન આ દાવપેચથી ભરેલા રૂશિયનને ઘણો ડાહયો અને પ્રમાણિક સમજી જયારે તેના રાજય માં બળવો થયો ત્યારે તેને દાબી નાખવા વિશેની સલાહ તેની પાસ લેવા લાગ્યો. પોતાનો દાવ સાંધવાની આ ઊમદા તક મળી છે એવું જોઈ લઇ જનરલ ઇનેતીફે સુલતાનને સમજાવી દીધું કે, આ બળવો નજીવો જેવો છે માટે, કવાયદ પામેલા શિપાઇઓને ખામખા ઉભા કરી તે દાબી નાખવા સારૂ મોકલવાની કાંઇ જરૂર નથી, પણ વગર કવાયદ પામેલા બાશી બાઝુકોને ત્યાં મોકલવાથી ગરજ સરશે. ખરાં અભાગ સુલતાનનાં કે ફરેબથી ફસી જે બાશી–બાઝુકોથી સર્વે પ્રકારની આડી અને જુલમગાર ચાલની આશા રાખી શકાય તેઓનેજ તેણે બળવાની જગ્યા ઉપર મોકલવાનો હુકમ આપ્યો. આવા નિરબળ મનના સુલતાનનો ચિતાર આ ઉપરના ચિત્રમાં ચિતારેલો દેખાડયોછે. સુલતાન અબદુલ અઝીઝ ઈ. સ. ૧૮૩૦માં જન્મ પામ્યો હતો, અને સુલતાન મહમુદખાન જે ઇ. સ. ૧૮૩૯ માં મરણ પામ્યો તેનો એ બીજો છોકરો ગણાતો હતો. એના બાપના મરણ બાદ એનો વડો ભાઈ અબદુલ મેડજાદ ટરકીની ગાદી ઊપર આવ્યો. અબદુલ મેડજાદ ઈ૦ સ૦ ૧૮૬૧માં મરણ પામવાથી તેને પેટે કોઈ છોકરો ન હતો તેથી તેનો દત્ત પુત્ર થઈ અબદુલ અઝીઝ તખ્ત ઉપર બેઠો. લશ્કરી બાબત ઉપર એને એના ભાઇ કરતાં વધારે ભાવ હતો, અને મોટી મોટી લોઢાંની મનવારો બાંધવા પાછળ એણે ઘણું નાણું ખરચી નાખ્યું હતું.



ટરકી ફોજમાં વગર કવાયદ પામેલા
શિપાઈ બાશીબાઝુકો.

પોતાના રાજયની નાણું સંબંધી હાલત સુધારવા સારૂ એણે ઘણીક લોનો ઉભી કરી હતી, જે લોનો પાછળથી એના રાજયને અતિઘણા ગુંચવાડામાં લાવનારી થઈ પડીછે. સુએજની નેહેર ઉપર ઈજીપ્તના ખેડીવનો કશો હક ન રાખવા દઇ ફ્રાન્સના શાહે એ સુલતાનને અપમાન કર્યું હતું. સુલતાન અબદુલ અઝીઝે ઈંગ્લાંડ, અને ફ્રાન્સ સાથ વેપારને લગતા કોલકરારો કીધા હતા, અને ઈ. સ. ૧૮૬૭ માં તે પારિસનું સંગ્રહસ્થાન જોવા ગયો તે વખતે લંડન શેહેરની ભેટ લેતાં તેને ભારે આવકાર દેવામાં આવ્યો હતો. ગ્રિસના લોકોની ઉશ્કેરણીથી એના તાબાના ટાપુ ક્રિટના લોકોએ બળવો જગાડી એને ઘણી તોબા પડાવી હતી, પણ એ બળવો ઈ૦ સ૦ ૧૮૬૮ માં તદન દાબી નાખી સલાહ સંપજ સ્થાપવામાં આવી હતી. રાજયમાં કેટલાક અગત્યના સુધારા કરવાની એ સામે થયા કીધો તેથી એના પરધાનોએ મોટો લાગવગ ચલાવી તારીખ ૩૦મી મે ૧૮૭૬માં એને ટરકીની ગાદી ઉપરથી ઉઠાડી મુકયો. આ બનાવથી ક્રોધમાં આવી તારીખ ૪ થી જુને તે આપઘાત કરી મરણ પામ્યો.



સરકેશિયન મરદ.

બાશી-બાઝુક અને સરકેશિયન શિપાઇઓ.

લુટારાઓની જાત કરતાં બાશી-બાઝુક શિપાઇઓ જે ટરકી લશ્કરના વગર કવાયદ પામેલા લડવૈયા ગણાયછે તેઓ કાંઈક સેહેજ ચાહડતા છે. એઓને સારી કવાયદ મળતી નથી, અને એઓ ઉપર સરદારી કરનારા સખ્ત રહેતા નથી. એઓ ચાલચલણમાં ચોરો જેવા છે અને ખવાસમાં જંગલી હોયછે. પાસેના ચિત્રમાં જોતાં એઓનો દેખાવજ ઉપલા દુર્ગુણોની ગુવાહી આપેછે. બાશી-બાઝુક શબ્દનો ખરો અર્થ તો નબળા મગજનો યા બેવકુફ એવો થાયછે, અને એવા અર્થ તરફ જોતાં એ લોકોના કામકાજ પણ નબળાં મનનાં માણસોથી આશા રાખી શકાય એવાં છે. ક્રિમિયાની લડાઈની વખતે એઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પણ તે વખતે નાફરમાની, લુચ્ચાઈ અને ઘાતકીપણું એઓની મુખ્ય એબો જણાઈ આવી હતી. બાશી-બાઝુકોની ફોજ ઘણી જાતના આળસુ, ખરાબ રસ્તે પડેલા અને જીંદગીથી બેદરકાર થઈ ગયલા લોકો સાથે મળવાથી બનેલીછે. જેમ ખ્રિસ્તીઓ એઓને ધિક્કારેછે તેમજ ટરકો પોતે પણ એઓને નાપસંદ કરેછે.

બાશી-બાઝુક શિપાઇઓના કેટલાક દુર્ગુણ ધરાવનારા ટરકીની ફોજના વગર કવાયદ પામેલા સરકેશિયન શિપાઇઓ છે; પણ જે જબરાં દુઃખો સરકેશિયનો વેઠતા આવ્યાછે તે દુઃખોને લીધે તેઓના સ્વભાવ ઘાતકી બની ગયાહોય તેમાં નવાઇ નથી. સરકેશિયનો અસલ ટરકીના રહેવાસી નથી, તેઓ તો કાકેસસના પર્વતોના ઉત્તર ઢળાવો ઉપર રહેતા હતા, પણ ત્યાં રૂશિયનોએ તેઓ ઉપર બહુ ‘જુલમ પાડયો તેથી તેઓ ત્રાસ પામી ટરકીમાં આવી વસ્યા. રૂશિયા અને ટરકી વચ્ચે સને ૧૮૨૯ માં આદ્રિયાનોપલના કોલકરારો થયા ત્યારે સરકેશિયનોને ટરકીએ રૂશિયાના તાબામાં આપ્યા હતા, પણ ઘણા

૬

વરસો થયાં એ સરકેશિયનો પોતાના ખ્રિસ્તી રાજ કર્ત્તાઓને ખરાં અંતઃકરણથી ધિક્કારતા આવ્યાછે, અને એવી જબરી અને ન હટે તેવી હિમ્મતથી તેઓની સામે થતા આવ્યાછે કે, રૂશિયનોની પણ તેઓથી ખાતરનીશા થઈ ગઇછે. સરકેશિયનોનો સરદાર શામીલ એટલો શુરો હતો, કે તેણે પોતાના શુરાતણથી સર્વને અજાયબીમાં નાખ્યાં હતાં. જે રૈયત રૂશિયાને ખરાં જીગરથી ધિક્કારતી અને જેણે જન્મથીજ છુટાપણું ભોગવવાની તથા લડાયક હથિયાર વાપરવાની કેળવણી લીધો હતી તે રૈયતને ઉંચા નીચા ડુંગરો અને ઉભા ઢલાવો તથા પહાડીઓમાં લડાઈ કરી તાબે કરતાં રૂશિયા દર વરસ પોતાનાં હજારો માણસો ખોઈ બેસતું હતું. એક બીજા સામે એવું મજબુત વેર વસ્યું કે, દયા અને માણસાઈ શું તે એક બીજા તરફ વાપરવાને તેઓ સમજતાજ ન હતા. પણ અંતે રૂશિયનો રાજ કર્ત્તા હોવાથી તેઓ મોટાં લશ્કરી બળને લીધે સરકેશિયનો ઉપર ન ખમાય એટલો જુલમ પાડવા લાગ્યા, અને તેઓના મરદ ઓરત તથા બચ્ચાંઓને વગર આચકીએ કાપી નાખવા લાગ્યા, તેથી સરકેશિયનો કંટાળ્યા. ત્રણ લાખ સરકેશિયનોને રૂશિયનોએ સરકેશિયામાંથી હાંકી કહાડયા. એ દુઃખી લોકોનું કંગાલ્યતપણું એટલું વધી ગયું, કે તેઓએ તેઓ તરફથી વચ્ચે પડવા રાણી વિક્ટોરિયાને અરજ કરી પણ તે બાહાલ રાખવામાં આવી નહીં. ઈ. સ. ૧૮૫૯ માં તેઓનો બાહાદુર સરદાર શામીલ પકડાઈ ગયો અને ૧૮૬૦ માં સાઠ હજાર સરકેશિયનો કાન્સટાનટીનોપલ જતા રહયા. ઈ. સ. ૧૮૬૪ માં લડાઈ બંધ પડતાંજ બિજી મોટી સંખ્યામાં સરકેશિયનો ટરકીના રાજયમાં જઈ રહયા. જે સમયમાં ટરકીની નાણાં સંબંધી હાલત નબળી હતી તે સમયમાં આ દેશનિકાળ થયલા દુઃખી લોકોના બચાવ અને પોષણ સારૂ ટરકીની સરકારે વીસ લાખ રૂપિયા ખરચી નાખ્યા. એઓને ટરકીના જુદા જુદા ભાગોમાં રાખ્યા, પણ થોડા વખતમાં તેઓ કંટાળો અને મેહેનત આપનારા થઈ પડયા. સરકેશિયનોની મુખ્ય ખુબીઓ હિમ્મત, દેશનો પ્યાર, અને પરોણાગત કરવાની ટેવ ગણાયછે. તેઓની સ્ત્રિઓ ખુબસુરતીને માટે જગપ્રસિધ્ધ છે, અને તેઓને મોટા દરજજાના ટરકોના જનાનામાં વેચાતી લઇને રાખવામાં આવેછે. હિયાં બતાવેલાં એક સરકેશિયન મરદનાં ચિત્ર ઉપરથી તે ઊચા કદનો, પાતળા, કસાયલા અને તાલીમબાજ તનનો જણાયછે. એઓના ચેહેરા ચપળ દેખાવના, લડાયક ધપના અને આકળો ખવાસ બતાવે એવા હોયછે. શિકાર મારવામાં અને ઘોડા ઊપર સ્વારી કરવામાં એના જેવા થોડાજ લોક એશિયા ખંડમાં મળી આવશે.

સર હેનરી એલીઅટ.

બાશી–બાઝુક અને સરકેશિયન જેવા વગર અંદાજના લશ્કરી શિપાઇઓને ખ્રિસ્તીઓએ જગાવેલું ફિતૂર દાબી નાખવા સારૂ ન મોકલવાની સુલતાન અબદુલ અઝીઝ સાથ ટરકીના રાજયની દરબારમાં રહેલા ઈંગ્રેજ સરકારના એલચી સર હેનરી એલીઅટે ફોકટનો જીકર ચલાવી. સર હેનરી એલીઅટ આ પાસેના ચિત્રમાં બિરાજેછે. એ સખ્સ મીનટોના ઊમરાવનો બિજો છોકરો છે, અને તે ઈ૦ સ૦ ૧૮૧૭ માં જન્મ પામ્યો હતો. ઈંગ્લાંડની પ્રખ્યાત ઇટન કાલેજમાં એણે કેળવણી લીધી હતી, અને પેહેલવેહેલો સરકારી ઓધ્ધો તાસમેનિયાના ગવરનર સર જાન ફરાંકલિનના એડીકાંગ તથા સેક્રેટરી તરીકે એણે ચલાવ્યો હતો. પારકાં રાજયો સાથ વહીવટ ચલાવવા સારૂ જે ખાતું ઈંગ્લાંડમાં છે તે મધે એને ઈ૦ સ૦ ૧૮૪૦ માં દસ્તાવેજો લખનારની જગ્યા મળી હતી. ઈ૦ સ૦ ૧૮૪૧ માં એને સેંટ પિટર્સબર્ગ ખાતેના ઈંગ્રેજી કાનસલના હાથ તળે નેમ્યો હતો, અને ઇ૦ સ૦ ૧૮૪૮ માં હેગ મધે અને ૧૮૫૩માં વિએના મધે એણે જોખમ ભરેલા ઓધ્ધાઓ ચલાવ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૫૯માં એક ખાસ સંદેશો લઈ સિસિલીના રાજા ઊપર એને મોકલવામાં આવ્યો હતો, અને ઇ૦ સ૦ ૧૮૬૨ માં ગ્રિસના રાજા ઉપર એને રાજ દરબારી કામકાજને અર્થે મોકલી આપ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૬૩માં ઇટાલી મધે અને ઇ૦ સ૦ ૧૮૬૭ માં ટરકીમાં એને એલચી તરીકે નેમ્યો હતો, અને એ પાછળો ઓધ્ધો એણે ઈ૦ સ૦ ૧૮૭૬ સુધી ચલાવ્યો. એને પ્રિવી કાઊન્સિલમાં બેઠક મળી હતો તથા ઇ૦ સ૦ ૧૮૬૯ માં બાઠના આરડરના નાઈટનો ખેતાબ મળ્યો હતો. એ ધણીએ ટરકીના સુલતાનને સારી સલાહ આપવાની બનતી તજવીજો કીધી, પણ તેણે તે માની નહીં.

બલગેરિયનો ઊપર ચાલેલી કતલ વિશે ઈંગ્લાંડમાં ઊઠેલી ચકચાર.

ફીલીપોપોલિસ અને આદ્રિયાનોપલમાં અખિકાર ચલાવનારાઓએ કવાયદ પામેલા સવારો મોકલી આપવા ટરકીના સુલતાન ઉપર લખી વાળ્યું, પણ જનરલ ઇનેતીફની ઊલટી સમજાવટથી યા કવાયદ પામેલા શિપાઇઓ તરત વેળા હાજર ન હોવાથી સુલતાને એ ઊપર કશું ધ્યાન આપ્યું નહીં. આ ઊપરથી પોતાને આધારે મુકાયલા ઉપલા અખિકારીઓએ મુસલમાન રૈયતમાંથી જવાન જવાન માણસોને લશ્કરી શિપાઈ બનાવી દઇ થોડાક કવાયદ પામેલા શિપાઇઓ સાથ બલગેરિયામાં

બળવાની જગ્યાએ મોકલી દીધા. આ હથિયારબંધ માણસોની પેહેલીજ માગણીએ કેટલેક ઠેકાણેના બળવાખોરોએ પોતાનાં હથિયાર ઉતારી દીધાં. વળી બિજી જગ્યાઓ ઉપર જીવ ઉપર આવી બળવાખોરો સામે થયા પણ તેઓથી ટકી શકાયું નહીં. બલગેરિયનો સલાહ સંપજને અને શાંતપણાને પસંદ કરે એવો ખવાસ ધરાવનારછે. એઓને જયારે ઊશ્કેરી આપવા રૂશિયન તથા રૂમાનિયન ખટપટીઓ મોટી સંખ્યામાં ન હતા ત્યારે સ્વાભાવીક રીતે બળવાનું જોર નરમ પડવાનો સંભવ હતો. બલગેરિયનો ઘણી તરફ શાંત થઈ ગયા, પણ જો હિયાંજ તોફાનનો અંત આવતે તો ટરકીની સરકાર પાછળથી મોટી વિપત્તિમાં આવી પડતે નહીં. ખ્રિ-



કાન્સટાનટીનોપલ ખાતે ઈંગ્રેજ સરકારનો
એલચી સર હેનરી એલીઅટ.

સ્તીઓ નરમ પડયા ત્યારે મુસલમાન રૈયત હાથમાં રહી શકી નહીં, અને તે રહી નહીં શકે એવી કેટલીક વાત ખ્રિસ્તીઓએ મુસલમાનો તરફ ચલાવી હતી. મુસલમાન લોકો વાકેફ થયા હતા, કે જે જે ગામડાંઓ મુસલમાનોથી વસાયલાં હતાં તે ગામડાંઓ ખ્રિસ્તીઓએ બાળી નાખ્યાં હતાં ; વળી તેઓને ખબર હતી કે ઘણાક મુસલમાનોને ખ્રિસ્તીઓએ ઘાતકીપણે જખ્મી કીધાછે, અને તે ઉપરાંત તેઓ એવું માનતા હતા કે, ટરકીના રાજયનો અંત લાવવા ખ્રિસ્તીઓ માહોમાહે મસલત અને કાવતરાં કરવામાં રોકાયલાછે. આ સઘળાંનો સામટો ખ્યાલ મુસલમાંનોનાં મગજમાં આવ્યાથી તેઓના ક્રોધનો પાર રહયો નહીં, અને તેઓના ગુસ્સાના તેજ આતશથી ખ્રિસ્તીઓનાં ઘરો, મિલકતો અને સંખ્યાબંધ જાનોનો નાશ થઈ ગયો.

આ જબરી કતલ મે મહિનામાં ચાલી અને તેની ખબર ઈંગ્લાંડમાં જુનની આખરીએ થઈ. પેહેલી બુમ એવી ઉઠી કે, ત્રણ લાખ ખ્રિસ્તીઓને મુસલમાનોએ મારી નાખ્યા અને સો ગામડાં બાળી નાંખ્યાં. ડેલી ન્યુઝ પત્રના ખબર પત્રીએ જણાવ્યું કે, મરદ ઓરત અને બાળકો મળી બાર હજાર માણસો કપાઈ ગયાંછે, અને ગામડાં તથા કસબા મળી નેવુંની સંખ્યા બાળી નાખવામાં આવીછે. ડેલી ન્યુઝવાળો મુસલમાનોની વીરૂધ હોવાથી તે ઘણું સખ્ત લખાણ તેઓ સામે કરતો ગયો, અને કેટલુંક તો એટલું બધું સહરાવેલું હતું કે તે માની શકાય નહીં. ઈંગ્લાંડમાં આ ખબરોથી મોટી ચરચા ચાલવા લાગી અને પારલામેંટમાં મહારાણીના વડા વજીરને જ્યારે પુછવામાં આવ્યું કે, શું આ બધી બીના ખરી છે ત્યારે તેણે ઉતર આપ્યો કે, ઘણાંક માણસો કપાઈ ગયાં હોય યા ઘણાંક ગામડાં બાળી નાખવામાં આવ્યાં હોય, પણ જ્યાં સુધી સત્તાવાર ખબર મળે ત્યાં સુધી એ અફવા માની લેવી ન જોઇયે. એ સાથ લાર્ડ ડરબીએ જણાવ્યું કે, નવ વરસની વાત ઉપર જ્યારે ક્રિટમાં બળવો જાગ્યો હતો ત્યારે એવીજ સહરાવેલી અને લોકોના દિલ ઉશ્કેરનારી ખબરો પેહેલાં મળી હતી, પણ પાછળથી તે ખબરો નેવું ટકા ખોટી પડી હતી, માટે આ વેળાની ખબરો ઉપર એકદમ આધાર મુકી દેવો જોઇતો નથી. એ ખબરોનાં સંબંધમાં ટરકીની સરકાર તરફથી ખોલાસો પુછતાં એવો જવાબ મળ્યો, કે એ ખબરો અતિઘણી સહરાવેલી છે. બલગેરિયનોએ પોતાના તેમજ મુસલમાનોનાં ગામડાંઓને સાથે આગ લગાડી દીધી છે, ખ્રિસ્તીઓએ ૫૩૦ મુસલમાનોને મારી નાખ્યાછે, અને મુસલમાનોને હાથે જે બલગેરિયનો માર્યા ગયા તેઓની સંખ્યા ૧૮૩૬ ની છે. જે બળવાખોરોને બંદીવાન પકડયા હતા તેઓને પાછા ઘર મોકલી આપ્યા ત્યારે તેઓની જે મિલકતો બળી જતી મુસલમાનોએ બચાવી હતી તે તેઓના સ્વાધીનમાં આપવામાં આવી છે. કેટલાક ખ્રિસ્તીઓ જેઓએ આસતોના નામના ગામડાના મુસલમાનોને કતલ કરવાનો વિચાર કીધો હતો તેઓને ફરજના મારેલા એજ ગામડામાં આસરો લેવો પડયો હતો, અને તે વખતે એ ગામડાના મુસલમાનોએ પાંચ દહાડા સુધી તેઓને આસરો આપી બધી જરૂરીઆતની વસ્તુઓ તથા ખોરાક તેઓને પુરાં પાડી પાછળથી તેઓને ટરકીની સરકારને હવાલે કીધા હતા. આવી રીતની ખબર ટરકીની સરકાર તરફથી ઈંગ્લાંડમાં પોહોંચાડવામાં આવી હતી. એજ વેળા એક સારો વગ ધરાવતા બલગેરિયને કાન્સટાનટીનોપલમાં ઇંગ્રેજી એલચીને જણાવ્યું કે, ઘણાંક ઘરબાર વિનાનાં બલગેરિયન બચ્ચાંઓને ટરક તથા ગ્રિક કુટુંબોમાં લઈ સંભાલથી રાખવામાં આવ્યાં હતાં, અને તેઓમાંનાં ઘણાંને પાછળથી તેઓના સગાંવાહલાંને સોંપવામાં આવ્યાં હતાં.

ડેલી ન્યુઝવાળાની ખબર ઘણી પ્રકારે ખોટી પાડવામાં આવ્યાથી તેણે પોતાની તરફથી મી૰ મેક કાહાન નામના એક અમેરિકનને તથા ટરકીમાં રેહેતા અમેરિકાના કાનસલ જનરલ મી૰ યુજીનો સુઇલરને કતલની જગ્યા ઉપર ખાસ મોકલ્યા. એઓએ ટરકીની સરકારથી તથા ઈંગ્રેજી એલચી ખાતાંથી તદન વેગળા રહી સ્વતંત્રપણે પુછપરછ કરવા માંડી. બલગેરિયન ખેડુતો, પારકા દેશના એલચીઓ, ગ્રિક રેહેવાસીઓ, ટરકીની સરકારની નોકરીમાં રેહેલા જર્મનો, અને બલગેરિયામાં કેળવણી આપવા આવેલા અમેરિકનોએ શાક્ષીઓ આપી, અને તે સઘળી કતલના સંબંધમાં ટરકીની સરકાર ઉપર લાગુ પાડેલા દોશમાંથી તેને મોકલી કરે એવી હતી. પણ ફીલીપોપોલિસ જે કતલ ચાલેલી જગ્યાઓનું મુખ્ય મથક હતું ત્યાં મી૰ મેક કાહાન તારીખ ૨૫મી જુલાઇએ જઇ પુગ્યો, અને ત્યાંથી તેણે મોકલી આપેલી ખબર આગસ્ટ મહિનામાં ઇગ્લાંડમાં છપાતાંજ ત્યાં લોકોના જોસ્સા વધારે ઉશ્કેરાયા. ખબરમાં ભયંકર ઘાતકીપણાના, જબુન ખુનના, સ્ત્રિઓની નિરદયપણે લાજ લુટવાના, કતલના અને સર્વ ખ્રિસ્તીઓને લગતું બાળી ભસમ કરવાના ઓચંબો ઉપજાવનાર દાખલા હતા. બાતક નામનું પોહોડોમાં વસાયલું એક ગામડું જેના બળી જવાનો અને જેમાં કતલ ચાલવાનો ધ્રુજરી પેદા કરે એવો દેખાવ આ પાસેના ચિત્રમાં આપ્યોછે તેના ઉપર પડેલી વિપત્તીનું બયાનતો ખ્યાલમાં ન આવી શકે એવું ભય ભરેલું છે. મરદો, ઓરતો અને બચ્ચાં એક મેક સાથ ભેળાઈ જઈ બેમલાહજે એક ઉપર એક ઢગલાબંધ મુડદાંના આકારમાં હિયાં પડયાં હતાં. કંઇક સંખ્યાબંધ ઘેરો આગમાં તારાજ થઈ રાખના ઢગલામાં પોતાનો દુઃખ ઉપજાવનાર નાશ બતાવતાં હતાં. અમેરિકાના કાનસલ જનરલ સુઇલરે જણાવ્યું કે, બાતકના લોકો વગર વાંકે અને મુસલમાનોને સામે ન થતાં આવા ભોગને લાયક થઈ પડયાં હતાં, અને આખમેટ પાશા જે બાશી-બાઝુકો ઉપર સરદારી કરતો હતો તેણે ખરાબ કરતુકને માટે એકસો જવાન સ્ત્રિઓને સલામત રાખી બાકીનાં સઘળાં લોકોને કાપી નખાવ્યાં હતાં. આ બે શખ્સોની ખબરો ઉપર પાયો બાંધો આગળ વધવાને બિજાઓથી બની આવ્યું, પણ એ બે શખ્સોની સઘળી વલાણ ટરકીની સામે હોવાથી તેઓએ આપેલી ખબર ઉપર આધાર રાખી શકાતો ન હતો. જેના જે મનમાં આવ્યું તે સહરાવીને તેણે કહી દીધેલું, અને તે આ બે અમેરિકનોએ



બળવાની વેળા બાળી નાખેલો બાટક નામનો કસબો.

માની લીધેલું લાગેછે. આવા ગભરાટના વખતમાં ઘણીક દુઃખદાયક અને દિલ ઉશ્કેરવા જોગ વાતો મતલબી લોકોથી યા અજ્ઞાનોથી જોડી કહાડવામાં આવે એ ખુદરતી છે. આ બે અમેરિકન ગ્રહસ્થોને ટરક લોકોની ભાશા ન આવડવાથી આ કતલને લગતી પુછપરછ કરતાં તેઓને બલગેરિયન દુભાષિયાઓની મદદ લેવાની જરૂર પડી હતી અને તેમ હોવાથી બલગેરિયનોએ ખરી બીનાને ખોટી અને થોડી ભય ભરેલીને અતિઘણી ભયંકર બનાવી કહી હોય તેમાં શું શકછે. ડેલી ન્યુઝ તરફથી ગયલા આ બે આડતીઆઓનો હેવાલ ખરો છે કે નહીં તેની સાબેતી મેળવવા કાન્સટાનટીનોપલ ખાતેથી બ્રિટીશ લીગેશન ખાતાના એક સેક્રેટરી મી૦ બેરીગને કતલ અને નાશની જગ્યા ઉપર મોકલવામાં આવ્યો. એણે તારીખ ૧લી સપ્ટેંબરે થીરાપિયાથી સર હેનરી એલીઅટ ઉપર લખી જણાવ્યું કે, તિરસ્કાર ઉપજે એવી રીતે કતલ તો ચાલીછે, પણ માણસો માર્યા જવાની સંખ્યા ઘણી સાહુરાવેલીછે તથા કેટલાક આફત ભરેલા બનાવો આગલ જણાવ્યા છે તે તદન ખોટા છે. મી૦ બેરીગ ટરકી ભાશા સમજતો હતો તેથી તેને પુછપરછ કરવામાં સહેલાઈ થતી. જ્યાં પણ તે ગયો ત્યાં કતલને લગતી ખબર મેળવવામાં ટરકી સરકારના અમલદારો તરફથી તેને હરકત ન કરવામાં આવતાં સામી તેને મદદ આપવામાં આવી હતી. ખ્રિસ્તીઓથી ટરકો ઉપર કાંઇજ જુલમ પડયો નથી એવી ખબર મી૦ સુઇલરે આપી હતી તે મી૦ બેરીગે ખોટી પાડી એટલુંજ નહીં, પણ મી૦ સુઈલરની પણ તેણે ખાતરી કરી આપી. મી૦ બેરીગ ખબર મેળવવામાં એટલો ફત્તેહ પામ્યો કે, ખ્રિસ્તીઓએ પોતે અને તેઓના ઉશ્કેરી આપનાર બાહેરથી આવેલા ખટપટીઓએ ખ્રિસ્તીઓનાં ગામડાં બાળી તેનો બદ્દો મુસલમાનો ઉપર લાગુ પાડયો હતો તે પણ જણાઈ આવ્યું.

ટરક કમિશનરો અને મી૦ બેરીગે કરેલી વધુ તપાસ.

આ સઘળી બાબતોની વધારે ખાતરી પુર્વક તપાસ કરવા સારૂ ટરકીની સરકારે બલાક બે અને યોવાનચો એફેનડી નામના પોતાના બે કમિશનરોને જલદી મોકલી આપ્યા. એ કમિશનરોએ ઘણી બારીક તપાસ કરી જણાવ્યું કે, શરૂઆતમાં ખ્રિસ્તીઓએ મુસલમાનો સાથ ઘણી ખરાબ ચાલ ચલાવેલી જણાયછે. તારનોવાની નજદીકના એક ગામડાંના ખ્રિસ્તી રેહેવાસીઓએ બલાક બેને ખબર આપી કે, તે તરફનો એક તવંગર ટરક જે પોતાની ઇનસાફથી ભરેલી ચાલચલણ અને પર ઉપકારી સ્વભાવને માટે સર્વનો માનિતો થઈ ગયલો હતો તેને ખ્રિસ્તીઓએ જીવતો પકડી જમીનમાં કમર સુધી દાટી પથર પથરે તેને માર માર્યો અને તેમ કરતાં તેનો જીવ લીધો. આવી જાતની ખ્રિસ્તીઓજ પોતાના જાતભાઇઓ વિશે આપે ત્યારે તે ઉપર વધારે આધાર રાખી શકાયછે. મી૦ બેરીગે એવી રીતે ખબર કહાડી કે, બનતાં સુધી બંને બાજુવાળાઓને ઇનસાફ મળે. તે ખાતરી આપી જણાવેછે કે, મુસલમાનોએ ખ્રિસ્તીઓ ઉપર કતલ તો ચલાવી, પણ ખ્રિસ્તીઓને કાપી નાખી તેઓનાં છુટાં માથાં ઢગલાબંધ ગાડાંઓમાં ભરી ખ્રિસ્તીઓનાં ગામડાંના મોહલાઓમાં ફેરવવામાં આવ્યાં, ફીલીપોપોલિસ અને તાતાર બાઝારડીકના મોહોલાઓમાં ખ્રિસ્તી ઓરતો અને બચ્ચાંઓને ગુલામ દાખલ વેચી નાખવામાં આવ્યાં, ચાલીસ જવાન છોડીઓની નીતિ બગાડી તેઓને એક કોથલામાં ભરી બાળી નાખવામાં આવી, પચ્ચીસ હજાર તદન નિરદોશ માણસોને કતલ કરી નાખ્યા, અને સાઠથી સો સુધીનાં ગામડાં બાળી નાખ્યાં એવી જે ખબરો બાહેર પાડવામાં આવીછે તે તદન ખોટી છે. બે લાખ માણસો મારયાં ગયાં એવી પેહેલાં બુમ ઉડી હતી પણ ખરી સંખ્યા તો પાછળથી બાર હજારની માલમ પડી. કાન્સટાનટીનોપલમાં સર હેનરી એલીઅટની જગ્યાએ મી૦ લેઅર્ડ આવ્યો તેણે ચોકસ તપાસ કરાવી જાહેર કીધું કે, બાર હજાર નહીં પણ ૩૯૦૦ માણસો મારયાં ગયાંછે. આ રીતે જોતાં કતલ થયલાં માણસોની સંખ્યા બે લાખ ઉપરથી નજદીક ચાર હજાર ઉપર ફક્ત આવી અટકી. લાર્ડ ડરબી આગળ જણાવી ગયો કે, ક્રિટના બળવાની વખતે નેવું ટકા ખબરો ખોટી પડી હતી તેમ આ કતલની પણ આશા રાખવી, પણ આ ખબર તો નેવું કરતાંબી ઘણા વધારે ટકા ખોટી નિકળી આવીછે.

ટરકીની સરકારે ગુનેહગારોને કરેલી સજા.

આ સમયે ટરકીની સરકારે એક નાપસંદ કરવા જોગ ભુલ કીધો અને તેથી તેણે પોતાના દુશ્મનોના મહોડાંમાં તેની સામે બોલવાનું કારણ આપ્યું. એવું બન્યું કે જે અમલદારોએ ખ્રિસ્તીઓ ઉપર જુલમ પાડવામાં અને કતલ ચલાવવામાં ભાગ લીધો હતો તેઓને સજા કરવાને બદલે ટરકીની સરકારે ઇનામો અને ખેતાબોથી નવાજયા. વલી ટરક લશ્કરના વગર કવાયદ પામેલા શિપાઇઓને બળવાખોરોની સામે મોકલવા સારૂ હુકમ આપવાનો અન્યાય અબદુલ અઝીઝ સુલતાન ઉપર લાગુ પાડવામાં આવ્યો. આમ થવાથી જયારે યુરોપના બીજા રાજયવાળાઓ ટરકીની સરકાર સાથ એ બાબત-

સર જીકર ચલાવવા લાગ્યા ત્યારે તેઓએ કેટલાક ગુનેહગારોને પકડાવી મંગાવી થોડી ઘણી સજા કીધી. વળી તકસીરવારોને સજાએ પોહોંચાડવા ટરકીની સરકાર તરફથી ફીલીપોપોલિસખાતે જે ન્યાયખાતું સ્થાપવામાં આવ્યું હતું તેણે તારીખ ૫ મી આગસ્ટ સુધીમાં ૯૦ બંધવાઓને સખ્ત મજુરી સાથ જન્મ સુધીની સજા કીધી, પચીસ જણાને મોતની સજા કરવામાં આવી, બે જણા ફાંસીથી છુટી ગયા, ચઊદસો માણસોને બિન તકસીરવાર ઠરવાથી છોડી દેવામાં આવ્યાં, એકસો પચાસ ગુનેહગારોને બરાબર તપાસ કરવા સારૂ આદ્રિયાનોપલ અને બીજાં ઠેકાણાંઓ ઉપર મોકલી આપવામાં આવ્યા, પચીસ ખુદરતી મોતે મરણ પામ્યા અને ૨૯૪ ફિતુરીઓને બંદીખાનાની સજા થઇ. આદ્રિયાનોપલ ખાતે બારસો બંદીવાનો રાખવામાં આવ્યા હતા તેમાંના અગીઆરને આ છેલા બળવામાં અને સાતને ઈ.સ. ૧૮૭૫ ના અકટોબર મહિનામાં એસકી શાગરાના બળવામાં ભાગ લેવા માટે ફાંસી દેવામાં આવ્યા. એ બંને ધર્મવાળા બંદીવાનોની આદ્રિયાનોપલમાં બેઠેલી ટરક, બલગેરિયન, ગ્રિક, આરમીનિયન, અને યાઊદીઓની સામટી કોરટની મારફતે તપાસ ચાલી હતી. ટરકીના ઇનસાફની સામે બોલનારા કેટલાક એવું કહેવા લાગ્યા કે, કેટલાક ખ્રિસ્તીઓને મારી કુટીને તેઓનો ગુનાહ તેઓ પાસ કબુલ કરાવ્યો હતો. આ વાતમાં કાંઇ સચાઇ નથી; કારણ ઈનસાફની દરબારમાં મી૰ બેરીગ હમેશાં હાજર રહેતો હતો, અને તેની જાણમાં એવો એક પણ દાખલો આવ્યો હતો નહીં. ટરકી મધેના બળવાથી થયલી ખરાબીની સામટી તપાસ લેતાં એટલું જણાઇ આવેછે કે, જેમ ખ્રિસ્તીઓ તરફથી ટરકોનો ગુનાહ અતિઘણો સહરાવેલો જણાવવામાં આવ્યોછે તેમજ મુસલમાનોની તરફથી પોતાની તકસીરના કેટલેક દરજજે અખાડા પણ કરવામાં આવ્યાછે. ધારવા કરતાં દેશમાં ખરાબીતો વધારે થઇ હતી પણ તે ખરાબીનું ભયંકર રૂપ બાહેરથી આવેલા ખટપટીઓની ઊશ્કેરણીથી ટરકીના ખ્રિસ્તીઓ જયારે આપવા લાગ્યા ત્યારે તે સંબંધી બારીક તપાસ થવાથી તેમાં ઘણી સહરાવેલી બીના જાહેર થઇ, અને તેથી જે બનાવો ખરેખરા ગંભીરપણે વિચાર કરવા લાયક બનયા હતા તેનું વજન પણ તુટી ગયું એટલુંજ નહીં પણ ટરકો ઉપર તકસીરનો જોખમ ચોંટાડવાને બદલે લોકો તેઓને ઈનસાફ આપવા ઊશ્કેરાયા.

પ્રકરણ ૩ જું.

કાન્સટાનટીનોપલના સોફતાઓ—સુલતાન અબદુલ અઝીઝને તખ્ત ઉપરથી ઉઠાડી મુકવાની ગોઠવણ—સુલતાન અબદુલ અઝીઝને ગાદી ઊપરથી ઉઠાડી મુકવા સારૂ લીધેલા ઉપાય—ટરકીનો નવો સુલતાન મુરાદ—અબદુલ અઝીઝે કરેલો આપઘાત—ટરકીના પરધાનોનાં ખુન—સરવિયાની ભૂગોળ અને તવારીખ.

કાન્સટાનટીનોપલના સોફતાઓ.

એક એકલો માણસ અને લખો કરોડો માણસોથી રચાયલું એક રાજય ઘણી પ્રકારે એક બીજાંને મળતાં આવેછે. ખુદરતના કોપ તેઓ ઉપર એક સરખા ઉતરે છે, અને જો કે તેઓ પ્રમાણમાં ઘણો મોટો ફરક ધરાવે છે તોપણ જાતમાં એક મળતા હોયછે. જેમ એક માણસ ઉપર એક તરફથી આફતનો વરસાદ પડવાનો શરૂ થતાંજ બીજી બધી બાજુઓથી ઢગલાબંધ સંકટો સામા આવી ઉભાં રહેછે તેમ એવીજ ધોરણમાં અતિઘણાં મોટાં પ્રમાણમાં એવાં સંકટો અને વિપત્તિઓ એક રાજય ઉપર આવી પડેછે. આવી જાતની વિપત્તિઓને ટરકીનું રાજય આ વેળા ભોગ થઈ પડતું હતું. એક તરફથી યુરોપનાં ત્રણ રાજયો ટરકીને ગળી જવાના વિચારમાં ગોઠવણ કરવા પડયાં હતાં, બીજી તરફથી ટરકીમાં ભારી કતલ ચાલતી હતી અને ત્રીજી તરફથી કાન્સટાનટીનોપલ જે ટરકીના રાજયનું નામાંકીત પાયતખ્ત શેહેર છે તેમાં લોકોની બેદિલી દેખાવ દેવા લાગી. એ શેહેરનાં લોકો એવું માનતાં હતાં કે, સુલતાન અને તેના પરધાનો કોઈ પારકા રાજયવાળાના કેહેણથી ચાલેછે, ખ્રિસ્તીઓને જોઇયે તે કરતાં વધારે હકો આપેછે અને સુલતાનના મગજ ઉપર રૂશિયાના ઝારનો અખત્યાર વધારે મજબુત થતો જાયછે. ઈ. સ. ૧૮૩૩ માં અનકયાર સ્કેલીસીના કોલકરારો પ્રમાણે ટરકીના સુલતાન બીજા મહામુદની મદદને માટે રૂશિયાના ઝારે પોતાનો દરીઆઇ કાફલો અને જમીન ઉપરની ફોજ મોકલી આપવાને ગોઠવણ કરી હતી તેવીજ ગોઠવણ કરવા નબળા મનના અબદુલ અઝીઝને પેલો કાવાદાવાવાળો રૂશિયન એલચી ઇનેતીફ ફાસામાં ઉતારેછે એવું કાન્સટાનટીનોપલ શેહેરનાં લોકો માનતાં હતાં. જે બળવો ટરકીના રાજય-



કાન્સટાનટીનોપલના સોફ્તાઓ રાજયના કારભારો સામે ચકચાર
ઊઠાવવા સાથે મલ્યાછે.

માં રૂશિયાએજ સળગાવ્યો હતો તે બળવો દાબી નાખવા રૂશિયાજ ટરકીની મદદે પોતાનું લશ્કર મોકલનાર છે તથા રૂશિયન દરીઆઇ ફોજની એક ટુકડી બાસ્ફરસ આતે હંકારી જનારછે એવી ખબર ફેલાઈ રહી. એ ખબરથી લોકો ગભરાટમાં પડયાં હતાં તેટલાં કાન્સટાનટીનોપલમાં નવાજ બનાવો બનવાની શરૂઆત થવા લાગી. કાન્સટાનટીનોપલમાં ટરક લોકોનો સોફતા નામનો એક વર્ગ છે. એ સોફતાઓ ધર્મનું જ્ઞાન આપવાની જે મદરેસાઓ મોટી મસજીદોને લગતીજ હોયછે ત્યાં ધર્મનો વિદ્યાભ્યાસ કરેછે અને તેજ ઠેકાણે રહેછે. કોરાનમાં પરિક્ષા પસાર કરવા બાદ તેઓ નિશાળમાં કેળવણી આપેછે, અને થોડાં વરસ ગયા પછી તેઓને અલીમા યા ધર્મને લગતી એક સનદ મળેછે જે સનદ તેઓને શેક-ઉલ-ઇસલામ બખશેછે. ટરકીના બધા ધારાઓનું ખંડણ કોરાનના નિયમો ઊપર થાયછે તેથી આ અલીમાઓને ન્યાયાધિશ તથા બીજા ઓદ્ધાઓની જગ્યા મળેછે અને ઇમામ તથા ધર્મને લગતી બીજી જગ્યાઓ પણ એઓનેજ આપવામાં આવેછે. સોફતાઓ આવી જાતની જીંદગી ભોગવેછે તથા તેઓને લશ્કરી નોકરીમાં દાખલ થવું પડતું નથી તેથી તેઓની સંખ્યા ઘણી મોટી હોયછે તથા તેઓનો લાગવગ પણ જબરો માલમ પડેછે. એઓને પોતાના દેશના ઉપર પ્યાર તથા તેના ભલાની કાળજી ઘણી હોયછે. તેઓ ટરકીને માટે પ્રમાણિક અને બાહોશ રાજ્યકર્તાઓની માગણી કરતા રહે છે, અને રાજ્યમાં તડાં પડવાની ચાલને તથા અરસપરસના લાભને માટે માહોમાહે મારામારી કરવાની રીતને તેઓ તદન નાપસંદ કરેછે. આ દેશહિતકારી વર્ગ પોતાના દેશના સુધારા અને વધારાના ઉપાયો લેવાની માગણી કરવા ઉલટથી સાથે મળ્યોછે તેનો અસરકારક ચિતાર આ પાસેનું ચિત્ર બતાવેછે.


સુલતાન અબ્દુલ અઝીઝને તખ્ત ઊપરથી ઊઠાડી મુકવાની ગોઠવણ.

સોફતાઓએ તારીખ ૮મી મેએ કાન્સટાનટીનોપલમાં મોટો ગભરાટ કરી નાખી પરધાન ટોળીમાં ફેરફાર ચાહયો. એ ઊપરથી વડા વઝીર માહુદ પાશાની જગ્યાએ મહામત રશ્દીને નેમવામાં આવ્યો, જેણે સુલતાનને એવી તાકીદ કીધી કે, માહુદ પાશાની પરધાન ટોળીમાં મીદાત પાશા જે ગયા ડીસેમબર સુધી હતો અને તેણે રાજ્યમાં સુધારા કરવાની જે ધોરણ બતાવી હતી તે ધોરણ ઊપર સુધારાનો પાયો રચવો. મહામત રશ્દીએ સુલતાનને વધુ એ જણાવ્યું કે, તેના ખાનદાનને, સગાંવાહાલાં અને લાગતાં વળગતાંઓને જે શાબ્યાનાં મળેછે તેમાં મોટો ઘટાડો કરવો, સુલતાનની આપખુદ સત્તાની કેટલીક હદ બાંધવી અને કાવાદાવા ભરેલાં રૂશિયાની સંગત છોડી દઈ ઇતિબાર રાખી શકાય એવો મિત્ર જે ઇંગલાંડ છે તેનો હાથ સુલતાને પકડવો. આ અરજો ઉપર સુલતાને કાંઈજ લક્ષ આપ્યું નહી તેથી પરધાન ટોળીએ ઠરાવ કીધો કે, એક માણસની હઠને માટે આખા રાજ્યનો નાશ થવો ન જોઇયે. મીદાત પાશા પાછો આ પરધાન ટોળીમાં સામેલ થયો હતો તેની સાથ મસલત કરી એ ટોળીએ એવું નક્કી કીધું કે, રાજ્યમાં સુધારા કરવા જ્યારે સુલતાન ના પાડેછે ત્યારે તેને તખ્ત ઉપરથી ઉઠાડી મુકવો. એ ફેરફાર કરવાનો વખત તારીખ ૩૦ મી મેને દહાડે બપોરે સાડાબારનો ઠરાવ્યો. સુલતાનોને ગાદી ઉપરથી ઊઠાડી મુકવાના બનાવ ટરકીમાં નવાઇ જેવા લાગતા નથી. આગળ વારંવાર એવા બનાવ બની ગયાછે, અને તે વેળા સુલતાનોનાં ખુન પણ થયાંછે. મુસલમાન ધર્મ પાળનારાઓમાં વડામાં વડો સુલતાન ગણાયછે, પણ તેથી તેને કાંઇ ઓદાઇ માન આપવામાં આવતું નથી. કોરાનમાં જે ધારાઓ અને ફરમાનો લખાયલાંછે તેનો વિરૂધ તેનાથી કાંઈ થઈ શકે નહીં યા લોકોનાં ભલાંની સામે કામ કરવા તે હિમ્મત કરે નહીં. આટલું છતાં જો સુલતાન મજબુત મનનો, પોતાના લશ્કરનો માનિતો અને પરધાનોનો મિત્ર હોય તો રાજ્યમાં ચાહિતે કરી શકે; પણ અબદુ અઝીઝ તો નબળા મનનો હતો, તેના લશ્કરનું તેના તરફ ખેચાણ હતું નહીં, અને પરધાનોની તે હમેશાં સામે થતો હતો. અબદુલ અઝીઝ બધી પ્રકારે એકલો પડી ગયો હતો તે છતાં જે મસલત તેની સામે થઈ હતી તે તેને જણાવીદેવા તેના હજુરીઆઓ શક્તિવાન હતા. એ ખબર તારીખ ૨૯મી મેએ રાતે દશ વાગે સુલતાનને તેના પેહેલા હજુરીઆની મારફતે મળી. એ ઉપરથી સુલતાને પોતાની પાસ આવવાનું લડાઈ ખાતાના પરધાન હુશેન આવનીને તેડું મોકલ્યું; પણ માંદગીનું બાહાનું કાહાડી તેણે ના કહેવાડયું. કાવતરૂં પકડાઇ ગયુંછે એવું જણાવી સુલતાને બીજું તેડું મોકલ્યું તે ઉપર પણ હુશેન આવનીએ કાંઇ ધ્યાન આપ્યું નહીં. આ વેળા એ પરધાન લડાઈ ખાતાની આફીસમાં ધર્મના અને સરકારી ખાતાના મોટા ઓદ્ધેદારો સાથ મસલત કરવા બેઠો હતો. સઘળું કાયદાસર અને ધર્મના ફરમાન માફક કરી બતાવવા સારૂ ધર્મના વડા શેખ-ઉલ-ઇસલામની સલાહ લેતાં તેણે મત આપ્યું કે, ધર્મના ફરમાન પ્રમાણે અણઘટતી રીતે ચાલતા સુલતાનને ઉઠાડી મુકવાનું કામ તદન વાજબીછે. તેણે એમ પણ જણાવ્યું કે, નવો સુલતાન મરનાર અબદુલ મેડજીદના વડા છોકરા અને અબદુલ અઝીઝના ભત્રીજાને કરવો

ધરેછે. આ સલાહ એક પણ વિરૂધ મત વગર આખી પરધાન ટોળીએ બાહાલ રાખી તે માફક કામ કરવાને છેલો ઠરાવ કર્યો.


સુલતાન અબદુલ અઝીઝને ગાદી ઊપરથી ઊઠાડી મુકવા સારૂ લીધેલા ઊપાય.

એ માટેની સઘળી તૈયારીઓ ચાલુ થઈ. હુશેન આવનીના હોકમથી લડાઈની કાઊન્સિલના વડા રેદીફ પાશાએ દોલમેબાચે ખાતેનો સુલતાન અબદુલ અઝીઝનો મેહેલ જમીનની બાજુએ પાયદળ શિપાઈઓથી અને બાસ્ફરસ ઉપર દરીઆઈ કાફલાની એક મનવારથી ઘેરી લીધો. દરીઆઈ ખાતાનો વડો અહમદ કૈસરલી, મેસાઉડી એ નામની મોટી લોઢાના બખતરની મનવાર જે થોડોક વખત થયો અબદુલ અઝીઝે ખરીદ કધી હતી અને જે તેના મેહેલની સામેજ પડી હતી તે ઊપર તે ગયો; પણ સઘળી તૈયારીઓ સાથ એક નવી અડચણ વચ્ચે નડી. નવો સુલતાન થનાર શાહાજાદા મુરાદને તેના મેહેલમાં અબદુલ અઝીઝે અટકાવી રાખ્યો. એ ઉપરાંત જયારે મુરાદને તેડું મોકલવામાં આવ્યું ત્યારે તેણે સભ્યતા ખાતર સાફ ના પાડી. આ ના તેના ખરા મન-



અબદુલ અઝીઝને મછવામાં બેસાડી તાપ કાપાકી ઊપર લઈ જાયછે.

ની નથી એવું માની હુસેન આવની ઘોડેસ્વારોની બે ટુકડીઓ સાથ મુરાદના મેહેલમાં ગયો, અને મેહેલના કેટલાક ચાકરોની મદદથી તેને ઉઠાવી લાવી લડાઈ ખાતાની આફીસમાં હાજર કીધો. આ ઠેકાણે ઇમારતની અંદર તથા બાહેર ખ્રિસ્તીઓ તથા મુસલમાનો મળી નજદીક છસો માણસો હાજર થયાં હતાં. હિયાં મકાના ગ્રાંડ શેરીફ અબુ મુતાલિબની નજર આગળ મુરાદ શાહજાદાને ટરકીના સુલતાન પાંચમા મુરાદને નામે સર્વ અગળ જાહેર કીધો. આ વખતે આ નવા સુલતાનને ઊલટથી દીધેલો આવકાર આ પાસેના સુંદર ચિત્રમાં જાહેર થાયછે. બીજે દહાડે પ્રાતઃકાળે એકસો એક તોપો ફોડી નવા સુલતાનને મુબારકબાદી આપવામાં આવી, સુલતાનને માન ખાતર લડાઈ ખાતાની આફીસ અને બીજા ઊંચા મિનારાઓ ઉપર શેહેનશાહી વાવટો ઉરાડવામાં આવ્યો, ટરકીના રાજયના જુદા જુદા અધિકારીઓ ઉપર ખબર મોકલવામાં આવી અને બીજાં રાજયોમાં રહેલા ટરકી તરફના એલચીઓ ઉપર તારની મારફતે સંદેશા દોડાવ્યા. નવા મોટા ફેરફાર સાથ કાન્સટાનટી-



નવા સુલતાન મુરાદને લોકોએ દીધેલો આવકાર.

નોપલે જે નવી સવાર જોઈ તે ઘણી શોકાતુર લાગતી. વાદળ વરસાદના ઘેરાથી કાળું થઈ રહયું હતું, અને આ નવા રાજ્યની આગાહી કોઇને સારી જણાતી ન હતી. પોતાની ઉપર શું શું થતું તે જાણી લઇ, તથા પોતાની જીંદગીની સલામતીની ધાસ્તી રાખી અબદુલ અઝીઝ પોતાના જનાનામાં જઇ ભરાયો. સવારના જલદીથી રેદીફ પાશા કેટલાક લશ્કરી શિપાઇઓ તથા મોટા ઓહ્‌દેદારોને સાથે લઇ અબદુલ અઝીઝના મેહેલમાં ગયો, અને તેને મળવા ચાહયું. કેટલાક ખોજાઓએ બુમ મારી અને સામે થવાની તજવીજ કીધી; પણ તેઓનાં મોહોડાં બંધ કરી તેઓના હાથ બાંધવામાં આવ્યા. સુલતાને બાહેર આવવા ના પાડી ત્યારે તેને કહેવાડવામાં આવ્યું કે, તે જો બાહેર ન આવશે તો તેના જનાનખાનામાં પારકાઓને દાખલ થવાની ફરજ પડશે. અંતના ઉપાય લેવા હોયછે ત્યારેજ મુસલમાનોમાં જનાનખાનામાં પારકાઓ દાખલ થાયછે. આ ધમકીથી ગભરાઈ સુલતાન તેની વીખરાયલા બાલ વાળી માએ સાથ બાહેર આવ્યો. તરત તેને જણાવવામાં આવ્યું, કે તેનું રાજ્ય પુરૂં થયુંછે માટે તેને મેહેલ છોડી જવો. અતિઘણા ગુસ્સાથી ઉશ્કેરાઈ જઈ સુલતાને રેદીફ પાશાને કહયું કે, "તું જુઠો છે." એ ઉપરથી કરડા દેખાવ સાથ રેદીફે તેને જણાવ્યું કે, બારીમાંથી બાહેર નજર કર. બાહેર જોતાંજ અબદુલ અઝીઝને માલમ પડયું કે, નવા સુલતાનની હિમાયતીમાં દરીઆઇ તેમજ જમીન ઉપરની ફોજ સફ ખેંચી ઉભી છે. એ જોઈ સામે થવાની તેણે આશા મુકી. તેને રેદીફે જણાવ્યું, કે તે જો પોતાની જીંદગી કીમતી ગણતો હોય તો તરત તેણે મેહેલ છોડી જવો. પોતાની વર્તણુક તરત બદલી નાખી તાપ કાપાઊ ઉપર તેનો જુનો મેહેલ જે તેના રેહેઠાણ માટે ઠરાવ્યો હતો ત્યાં જવા તે તૈયાર થયો, અને આ પાસેના ચિત્રમાં બતાવ્યુંછે તેમ શેહનશાહી મછવામાં બેસી તે મેહેલમાં જતાં તેણે પોતાના ભત્રીજાને શ્રાપ દીધો, અને તે બોલ્યો કે, "પેલો મુરાદ કેવી જાતનો છોડવો છે એવું જો હું આગળથી જાણતે તો તેને ઝેરનું પાણી સીપતે." હવે અબદુલ અઝીઝની સુધ ઊંઘડી, અને જે સુધારા તે થોડો વખત આગમજ કરવા સાફ ના પાડતો હતો તે કરવા કબુલ થયો; પણ તે વખત તો હવે જતો રહયો, અને તેની સાથ તેની સઘળી સત્તા પણ ગુમ થઈ ગઈ.

ટરકીનો નવો સુલતાન મુરાદ.

મુરાદ જયારે તખ્ત ઉપર આવ્યો ત્યારે તેની ઊમર છતરીસ વરસની હતી. અબદુલ અઝીઝના ભત્રીજા અને ભત્રીજીઓ મળી ચઉદ જણામાંનો એ એક હતો, અને અબદુલ અઝીઝનાં પાંચ છોકરાં હોવા છતાં મુસલમાનોના ધારા પ્રમાણે ગાદી ઉપર આવવાનો તેને હક હતો. અબદુલ અઝીઝ એનો હક દબાડી પોતાના એક વાહાલા છોકરા યુસફ ઇઝેદીનને તખ્ત ઉપર લાવવા માગતો. મુરાદને એક મેહેલમાંજ ગોંધી રાખવામાં આવતો અને ફકત વરસમાં એક દહાડે બેહેરામના જસનમાં તેને આવવાની રજા હતી. એ શાહાજાદો ફ્રેન્ચ ભાશા સારી રીતે વાંચી લખી જાણતો હતો, એનું મન ચપળ હતું અને પોતાની સભ્યતાથી જેઓ એના સંબંધમાં આવતા તેઓનું સારૂં મત એ હાંસલ કરતો હતો. અબદુલ અઝીઝની પેહેલાં એના ઉપર માયા ઠીક હતી પણ એક અચાનક બનેલા બનાવથી તે તેના તરફ કફા થયો. પારિસમાં અબદુલ અઝીઝ જયારે શાહ નેપોલ્યન ની મુલાકાતે બેઠો હતો ત્યારે શાહ નેપોલ્યને મુરાદ વિશે પુછપરછ કરી તેને પોતાની પાસ તેડી મંગાવ્યો. મુરાદ જેવો દાખલ થયો તેવો શાહ નેપોલ્યન ઊભો થયો અને તેથી સુલતાન અબદુલ અઝીઝને પણ ઉભું થવાની ફરજ પડી, પણ તે દહાડાથી સુલતાન અબદુલ તેના ભત્રીજા ઉપર ક્રોધમંદ થયો, કારણ તેની સામે ઉભું થવાથી તેનદરજજાને નીચું લાગ્યું હતું. મુરાદે તખ્ત ઉપર આવતાં જાહેર કીધું કે, મેહેસુલ ખાતામાં તથા બીજાં ઉપયોગી સરકારી ખાતાંઓમાં સુધારા અને ફેરફાર કરવામાં આવાશે, શેહનશાહી કુટુંબને વરસાણ આપતાં નાણાની મોટી રકમ ખરચાયછે તેમાં ઘટાડો કરવામાં આવશે, અને પાદશાહી મિલકતો તથા પાદશાહી ખાનોની આવક લોકોના ભલાંને માટે વાપરવા દેવામાં આવશે. આ કબુલાતોથી ટરકીના લોકોને આશા આવી કે રાજ્યનો કાંઇક દહાડો ફરે ખરો.

અબદુલ અઝીઝે કરેલો આપઘાત.

આ સઘળા સુધારાની કબુલાતો અબદુલ અઝીઝના સીતમ ભરેલાં મરણ સાથ જોડાવાથી તેની યાદદાસ્ત શું ટરકીમાં કે શું આખા યુરોપમાંના ખુશી ઉપજાવનાર થઇ પડી નહીં. આગલા વખતથી ટરકીના સુલતાનોના જુલમાત ભરેલાં મરણો થતાં આવ્યાંછે તેથી આ મરણ લોકોને ઘણું અચંબા ભરેલું લાગ્યું નહીં. પેહેલાં તો લોકોએ એવું માન્યું કે, સુલતાનનું ખુન થયું છે, પણ પાછળથી ખાતરી થઇ કે તેણે આપઘાત કીધો છે. ગાદી ઉપરથી ઊઠવા પછી બીજે દહાડે તેણે પોતાના ભત્રીજા ઉપર મુબારક પત્ર લખી દોવા ગુજારી, અને પોતાના ચીરાગાનના નવા બંધાવેલા મેહલમાં રેહેવા જવાની રજા મંગાવી. એ રજા તેને આપવામાં આવી અબદુલ અઝીઝ પોતાના કુટુંબ સાથ એ મેહેલમાં જઇ

રહ્યો. હિયાં તારીખ ૩૧મી મેએ આવી પોહોંચી તારીખ ૧લી જુને અબદુલ અઝીઝ ઘેલાપણાના ચિન્હો બતાવા લાગ્યો. તે બેચેન અને શોકાતુર થઇ ગયો, ખોરાક ખાવા ના પાડી અને પોતાના પેહેરેગારોને પિસ્તોલથી મારી નાખવાની ધમકી આપી. તેના હજુરીઆઓએ તેને ન જડે તેમ બધાં હથિયારો દુર કરી નાખ્યાં, પણ તારીખ ચોથી જુનની સવારે તે પોતાના સુવાના ઓરડામાં અર્ધું બદન કોચ ઉપર અને પગ જમીન ઉપર નાખી લોહી લુહાન હાલતમાં જણાયો. તરત જુદી જુદી પ્રજાઓના ઓગણીસ વૈદોને બોલાવામાં આવ્યા, જેઓએ બારીક તપાસ કરી એવો અભિપ્રાય આપ્યો કે, મરનારે એક કાતરથી પોતાના હાથની ધોરી નસ કાપી નાખી આપઘાત કીધોછે.

ટરકીના પરધાનોનાં ખુન.


નવા સુલતાનને માથે જો કોઇ પણ જાતની ભય ભમતી હોય તો તે અબદુલ અઝીઝના મરણથી દુર થવી જોઇયે; પણ જુનની અધવચમાં કેટલાક એવા બનાવો બન્યા કે, આખાં યુરોપનું ધ્યાન પાછું ટરકી તરફ ખેંચાયું. તારીખ ૧૫મી જુને પરધાન ટોળીએ મીદાત પાશાના મેહેલમાં પોતાની સભા ભરી હતી તે વખતે હસન બે નામનો એક સરદાર ઓરડામાં દાખલ થયો અને પિસ્તોલ છોડી હુસેન આવનીને ગોળી મારી. આ વખતે પરદેશ ખાતાના પરધાન રાશચીદ પાશા અને દરીઆઈ ખાતાના પરધાન અહમદ કેસરલી શિવાય બધા પરધાનો એક બીજા અંદરના ઓરડામાં નાહઠા. રાશચીદતો ભયભીતજ થઈ ગયો હતો, પણ અહમદ કેસરલીએ દોડી જઈ ખુની હસનના હાથ મજબુત પકડી લીધા. જોર કરી પોતાનો જમણો હાથ છોડવી ખુની હસને સરકેશિયાની એક લાંબી છરીથી અહમદનો એક કાન કાપી નાખ્યો, અને તેના બદન ઉપર કેટલાક ઘા કીધા. આથી અહમદ ખુનીને છોડી દઈ બાહેર નાહાસી ગયો. હુસેન આવનીને ગોળીથી ખરાબ જખમ તો થયો હતો, પણ તે મરી ગયો ન હતો. તેણે ફસડતો ફસડતો દરવાજા આગળ જવાની કોશિસ કીધી, પણ પેલા ખુનીએ તરત દોડી આવી છરીથી ઘા કરી તેને મારી નાખ્યો. પેલા મુગા થઈ બેઠેલા રાશચીદ પાશા તરફ ફરી ખુની હસન બોલ્યો કે, "શું તું હિયાં બેસી રહી મને પકડવા માગેછેકે?" આટલું બોલતાંજ ગોળી મારી તેનો પણ જીવ લીધો. એ બાદ જે ઓરડામાં બીજા પરધાનો નાહાસી ભરાઈ ગયા હતા તેનું બારણું જોરથી હાલવી તેણે ઊઘડાવા માગ્યું અને પોકારીને બોલ્યો કે, "વડા વઝીર બારણું ઊઘાડ, તુંને કશી ઈજા કરવા મેં ધારી નથી." વડા વઝીર મહામત રચદીએ અંદરથી જવાબ દીધો કે, "મારા બેટા હમણાં નહીં; હમાણાં તું એટલો ઉશ્કેરાઈ ગયોછે કે, તું ધીરજથી કાંઈ સાંભળનાર નથી." આ ઉપરથી બારણાના છિદ્ર વાટે હસને અંદર ગોળી મારી પણ તેથી કોઇને ઈજા થઈ નહીં. એ પછી તેણે પેલા બાહેરના ઓરડાનો સામાન ભાંજી નાખ્યો, પડદા બાળી નાખ્યા, જુમર તારાજ કરી નાખ્યું અને સઘળો સામાન ઉથળપાથળ કરી નાખ્યો. જરા વખત રહી બે પરધાનો અહમદ આગા અને સકરી બે પાછા હિમ્મત પકડી ઓરડામાં આવ્યા, પણ જેવા તેઓ નજર પડયા તેવાજ પેલા ખુનીએ તેઓને ગોળીથી મારી નાખ્યા. અંતે મોટી મુશ્કેલીએ ખુની પકડાયો તેની આગમજ પોલિસખાતાંના બે માણસોને તેણે મારી નાખ્યાં અને પોલિસ તથા લશ્કરી ખાતાંનાં છને ઘાયલ કીધાં. ખુની પોતે પણ હુજાતુજી કરતાં ઘાયલ થયો હતો. જયારે તેને પકડવામા આવ્યો ત્યારે તેની પાસ છ રીવાલવરો અને સાઠ ગોળીઓ હતી. તે પોતાના ઘા ઉપર વૈદોને પાટા બાંધવા દેતો ન હતો અને તારીખ ૧૭મીએ તેને લડાઈ ખાતાની આફીસની સાંમે ફાંસી દેવામાં આવ્યો ત્યારે અતિઘણું લોહી જવાથી તે તદન નબળો થઈ ગયો હતો. એ ખુની સુલતાન અબદુલ અઝીઝનો સાળો થતો હતો અને એની બેહેન સુલતાનની બાયડી સરકેશિયાની એક સ્ત્રી હતી. અસલથી એ ગરમ મિજાજનો અને તોફાની ખવાસનો હતો, પણ પાદશાહી કુટુંબ સાથ એનો અતલગનો સંબંધ હોવાથી એની ખામીઓના અખાડા કરવામાં આવતા, અને તેને સામા લશ્કરી ઓહદાઓ આપી દરજજે પોહોંચાડવામાં આવ્યો હતો. એની બેહેન પોતાના ધણીના મરણ પછી બે ચાર દહાડે મરણ પામી તેથી તથા સુલતાનના જાસ્તી ભરેલાં મરણથી ગમ પામી તેણે બગદાદ શેહેરમાં સરકાર તરફથી લશ્કરી નોકરીમાં જવા ના પાડયું તેથી તેને કેદ કર્યો હતો અને તેમાંથી તરતજ છુટો હતો તેના લાગેલાં ભારી અપમાનથી તેના મગજ ઊપર ખરાબ અસર થઈ, અને તે અસરમાં તેણે આવાં કરપીણ ખુનો કીધેલાં લાગેછે. હસન ખુનીના મગજ ઊપર ગમે એવી અસર થઈ હોય, પણ તેણે પોતાના બનેવી અબદુલ અઝીઝનું વેર આ ખુનોથી લીધું એવું ઘણાંક લોકો માનવા લાગ્યાં. સુલતાન અબદુલ અઝીઝને ગાદી ઉપરથી ઉઠાડી મુકવામાં જેઓએ મોટો ભાગ લીધો હતો તેઓના ખુનથી કેટલાંક લોકો એવું પણ વિચારવા લાગ્યાં કે તેઓનો ચાલની આ સજા વાજબી થઇછે. ખુનીનો હાજરીમાંથી મરતો મરતો તમામ ઘાથી ભરાઈ જઈ બચી જનાર એકજ ભાયગસાલી પરધાન અહામત કેસરલી હતો. એ નાનપણથીજ પોતાના પરાકરમ દેખાડવા લાગ્યો હતો, અને



ટરકીના પરધાનોનું ખુન કરનાર
હસન બે.



હુસેન આવની પાશા જેનું હસન
બેએ ખુન કીધું હતું.



રાશાચીદ પાશા જેનું હસન બેએ
ખુન કીધું હતું.

સાંકલીણ.

પ્રકરણ ૪ થું.

પ્રકરણ ૫ મું.

પ્રકરણ ૬ ઠું.

ચિત્રોનું સાંકલીણ.

ખોલાસો.

મુંબઈ સમાચાર આફીસ.

યુરોપમાં ચાલેલી છેલી બીજી મોટી લડાઈઓએ જેટલો શોક તેમને લગતી ખબરો માટે
શીઓમાં ઉભો કર્યો હતો, તે કરતાં ઘણો વધારે શોક, તરકી અને રૂશિયા વચ્ચેનો લડાઈએ દેશીઓમાં ઉ
ભો કર્યોછે. તરકી દેશની રાજ કરતી કોમ ઇસલામી ધરમ પાળનારી હોવાથી આ દેશના કરોડો ઇસલામ
ભાઈઓને તેની ખબર માટે વખતે વખત ઈંતેજાર થતા સરવે ઠેકાણે જોવામાં આવ્યાછે; અને તે ઉપ
ત હીંદુસતાન દેશના સંબંધમાં આ લડાઈનો ફડચો ઘણો ઉપયોગી થઈ પડશે, એવું હોવાથી
ઓ ભેળા સરવે દેશીઓમાં તેની ખબરની ઈંતેજારી જોવામાં આવીછે; અને આ બંને કારણે
ળોને બીજી મોટી લડાઈઓ કરતાં આ લડાઈ દેશીઓનુ કુદરતીજ વધારે ધ્યાન ખેચનારી થઈ

સરવે દેશીઓને એક સરખી રીતે જાણવા જોગ થઈ પડેલી એવી મોટી લડાઈનો એ
ડીમાં આપેલો હેવાલ મુબારકબાદી આપવા જેવો થઈ પડશે, એમ હમો સમજયે છઈયે; અને
મોએ તે જુદા જુદા અંકોમાં બાહેર પાડીને હમારા દેશી ભાઈઓની સેવા બજાવવાનું માથે લીધું
માટે હમોએ વેલાતથી ખાસ રીતે ચિત્રો મંગાવ્યાછે, તેમજ બીજી રીતે આ તવારીખ શોભઈતી, પસ
અને વાંચવાલાયક બને તે માટે હમોએ હમારીથી બની આવતી સઘળી તજવીજ કરવાને બાકી
નથી. હમોએ એ રીતે હમારી તરફની સેવા બજાવાને શુરૂ કર્યુંછે; હવે હમારા દેશીઓની
પીછાનવાની વારી આવીછે. આની પાછળ થયલો ખરચ અને મેહનત લેતાં એને ખોહો
દેશી ભાઈઓથી આશ્રય મળવાની હમો આશા રાખ્યે છઈયે, અને ભરૂસો રા
નીરફળ થઈશું નહી.

મુંબઈ, એપરેલ ૧૮૭૮.